ફુલહાર.



દેવરામ શિવરામ દ્વિવેદી.

કીંમત ચાર આના.

ફુલહાર



દેવરામ શિવરામ દ્વિવેદી.

મુંબઇ.

“સાક્ષર સહાયક પ્રજા-પ્રબોધક”

છાપખાનામાં ટી૦ સો૦ રીડરે છાપ્યું.

કીંમત ચાર આના.

પ્રસ્તાવના.

સ્ત્રીઓની નીતિરીતિ સુધરે, તેમના પોતાનાં કર્ત્તવ્યજ્ઞાનને પુષ્ટિ મળે, ગૃહકારભાર ચલાવવામાં, બાળકોને ઉછેરવામાં, સંસારવ્યવહાર સુખશાન્તિથી ગુજારવામાં અને પોતાનો વાસ્તવિક ગૃહિણીધર્મ યથાસાધ્ય બજાવવામાં કંઈક મદદરૂપ થઇ પડે, તથા આનંદની સાથે બોધ મળે, એવા હેતુથી કેટલાક પરચુરણ વિષયોથી આ " ફુલહાર " ખાસ સ્ત્રીઓને માટે જ યથાસાધ્ય ગુંથવામાં આવ્યો છે.

પંચરંગી પુષ્પોથી અથવા વિવિધ વિષયોથી ગુંથેલો આ નાનો હાર સ્ત્રીમંડળમાં જો કંઇ ઉપયોગી થઇ પડશે, તો કરેલી ચુંટણીનું સાર્થક થયું સમજીશ. આ નાની ચોપડીમાં વિષયોનો કંઈપણ ક્રમ રાખ્યો નથી તે, તથા કોઇ બીજો દોષ રહી ગયો હોય, તેને માટે વિદ્વાન પુરૂષો અને વિદુષી બાઇઓ ક્ષમા કરશે. આ ચોપડીમાં છેવટે દમયંતીના થોડા રાસડા સમયને અનુસરીને નાંખ્યા છે, તે સ્ત્રીમંડળમાં આનંદદાયક, રૂચીકર અને ઉપદેશક થઇ પડશે, એમ આશા રાખું છું

સં. ૧૯૫૪ કાર્તિક શુક્લ પ્રતિપદા } દેવરામ શિવરામ દ્વિવેદી.
મંગળ. તા. ૨૬–૧૦–૯૭ મુંબઇ, }

शुश्रूषस्व गुरून्कुरु प्रियसखी वृत्तिं सपत्नीजने
भर्तृर्विप्रकृतापि रोषणतया मास्म प्रतीपं गमः।
भूयिष्ठं भव दक्षिणा परिजने भाग्येष्वनुत्सेकिनी
यान्त्येवं गृहिणीपदं युवतयो वामाः कुलस्या
धयः ॥

વડીલોની ચાકરી કરજે, શોક્યની સાથે બ્હેન-પણાથી વર્ત્તજે, કદિ ભર્ત્તા તારાપર રોષ કરે, તોપણ તું તેની સાથે રીસાતી નહિ, ચાકર નફર સાથે ઘણી દક્ષતાથી ચાલજે, ભાગ્યોદયમાં ફુલાઇ જઇશ નહિ, આ પ્રમાણે સમજીને ચાલનારી જુવાન સ્ત્રીઓ ગૃહિણી પદને પામે છે. અને એમ ન વર્તનારી વામાઓ પોતાના કુલને મહા દુઃખરૂપ થઇ પડે છે. એ પ્રમાણે કણ્વ રૂષિએ શકુંતલાને ઉપદેશ આપ્યો છે.

અર્પણ પત્રિકા.

મેહેરબાન શેઠ **શ્રી વસનજીભાઇ નથુભાઇ.**

આપ સાહેબ સ્ત્રીકેળવણીમાં હમેશાં આગળ પડતો ભાગ લ્યોછો, તેને માટે તન, મન, ધન ખર્ચો છો, આર્યકુટુંબો અને તેનો ગૃહસંસાર સુધરે તથા ઉન્નતિએ પોહોંચે એવા વિચારથી નિરંતર યથાસાધ્ય પરિશ્રમ કરો છો, એ આપ જેવા સુજ્ઞ સ્વદેશીને ઘટિત જ છે. આપના એ કર્ત્તવ્યને માન આપી, મારો ગુંથલો આ સ્ત્રીઉપયોગી નાનો "ફુલહાર" આપ સાહેબના મુબારક નામથી શોભશે,—મહત્તા પામશે અને આર્ય મહિલા મંડળમાં વિશેષ વિસ્તરશે, એમ ધારી પ્રીતિપૂર્વક આપના કરકમલમાં અર્પણ કરૂં છું, તે સ્વિકારશો!

કાર્તિક શુક્લપ્રતિપદા, મંગળ } સેવક દેવરામ શિવરામ
મુંબાઇ. તા. ૨૬-૧૦-૯૭ } દ્વિવેદી.

न गृहं गृह मित्याहु र्गृहिणी गृहमुच्यते ।
गृहं तु गृहिणी हीनं कांतारादतिरिच्यते ॥

નામનું ઘર તે ઘર નથી, પણ ગૃહિણી તેજ ઘર કહેવાય છે, ગૃહિણી વગરનું ઘર તે વેરાન વનથી પણ વિશેષે વિકાળ છે. એટલા માટેજ સામાન્ય ઘરમાં રહેનાર ગૃહસ્થ કહેવાતા નથી; પરંતુ જેઓ ગૃહિણી વાળા હોય તેઓજ ગૃહસ્થ કહેવાય છે.

ફુલ હાર.

૧

સારી સ્ત્રી એ ઘરનું ભૂષણ છે, સ્ત્રી વગરનું ઘર જેમ સુનકાર લાગે છે, તેમ જ જે ઘરમાં સારી સ્ત્રી નથી, તે ઘર. ઘર નથી; પણ પશુઓની કોડ કે વાડો છે. એક ચંદ્રથી રજની શોભે છે, પણ ચંદ્ર વગરની રજની કાળી ભયાનક ભાસે છે. એક કુળદીપકથી આખું કુળ દીપે છે; પણ એક અંગારીઓ આખાં વનનાં વન બાળી ભસ્મ કરે છે. એક નાકથી માણસ શોભે છે; પણ નાક વગરનું નકટું માણસ આંખને અણગમો ઉપજાવે છે. રણમાં એક શૂરવીર જય મેળવે છે; પણ સો નામર્દ પાછી પાની કરી હાર ખવરાવીને નીચું જોવરાવે છે, તેમજ એક સારી સ્ત્રીથી આખું કુટુંબ શોભે છે; પણ નઠારી ઘણી સ્ત્રીઓ આખાં કુળનાં કુળ નિકંદન કરે છે.

૨

સારી સ્ત્રી એ નરનું નાક છે, ઉત્તમ અલંકાર છે, સુખદુ:ખનો સાથી છે, દુનિયાદારીના પરિશ્રમનો વિશ્રામ છે, ગુહ્ય વાતનું સ્થળ છે, સંસારનો સર્વોત્તમ સોબતી છે, આબરૂ અપાવનાર છે અને ઘરનો અનન્ય રક્ષક છે. આવી સ્ત્રી પુરૂષના ભાગ્યોદયનું ભાવી ચિન્હછે, અનુપમ સ્વર્ગીય બક્ષીસ છે. જે પુરૂષને સારી સ્ત્રી મળી છે તેને સર્વ મળ્યું છે.

૩

રાજ્યનો કારભાર પ્રવિણ કારભારીવડે સલાહ શાન્તિથી ચાલે છે, સમુદ્રની મુસાફરી હુશિયાર વહાણવટી નિર્વિઘ્ને

કરાવે છે, રણસંગ્રામની જીત કુશળ સેનાધિપતિ ઓછે ખર્ચે,—ઓછી મેહેનતે મેળવે છે, દુનિયાદારીનું બહારનું કામ વ્યવહારકુશળ પુરૂષ ચાલાકીથી ચલાવે છે, અને ઘરસંસારનું અંદરનું કામ ગુણવાન ગૃહિણી આનંદથી બજાવે છે; પરંતુ નાલાયક કારભારી રાજ્ય ડૂબાવે છે, અણઘડ ખલાસી સમુદ્રમાં શયન કરાવે છે, બાયલો સેનાપતિ રણમાં મોત કે પાછી પાની કરાવે છે; તેમજ અજ્ઞાન પુરૂષ અને ઉછાંછળી ભાર્યા કુટુંબને દુઃખમાં ડૂબાવે છે.

૪

કુળવંતી શાણી સ્ત્રી તેજ કે જે ઉભય કુળને દીપાવે છે, ખરી જનેતા તે જ કે જે પોતાનાં બાળકને સારીરીતે પોષેછે,—ઉછેરે છે,—કેળવે છે. ગુણવાન ગૃહિણી તેજ કે જે ધાકથી નહિ પણ પ્રેમમય પવિત્ર વચનોથી બાળકોને, પતિને અને આખા કુટુંબને વશ કરે છે, ઘરનો પ્રધાન તેજ કે જે શાન્તિથી અને આનંદથી ઘરનો કારભાર રૂડી રીતે ચલાવે છે.

૫

સ્ત્રીઓ પોતાના પતિને જમાડયા પછી જમતી હોય તેથી શું વળ્યું ? તેઓને શું પતિવ્રતા કહેવી? પતિવ્રતાનાં લક્ષણો તો જૂદા જ પ્રકારનાં છે. પતિ જમ્યા પછી સ્ત્રીએ જમવું એ પતિવ્રતાની કસોટી કે લક્ષણ નથી; પણ તે દેખાડવાનો બહિરાડંબર માત્ર છે. પોતાની અન્ય ફરજો બજાવવા ઉપરાંત પતિના કામમાં યથાસાધ્ય મદદરૂપ થઈ પડે, સર્વદા પતિને સુખ ઉપજાવવા માટે જે ઉદાસિન રહે; વળી જેનું સુખ,—જેનો આનંદ પતિના સુખમાં જ રહેલો છે, એટલુંજ નહિ પણ ઘરનાં ફરજીયાત સઘળાં કામો કરવા ઉપરાંત જે રૂડાં આચરણવાળી સ્ત્રી રાત્રિ દિવસ પતિનું હિત ઈચ્છવામાં મશગુલ રહેલી છે, તે સ્ત્રી પતિવ્રતા નામને યોગ્ય છે!

૬

વ્યવહારના કામની મુશ્કેલીઓ અને તે સંબંધી પતિની ચિંતા દૂર કરવા રૂપ પોતાનાં સુખદાયક નીતિયુક્ત આચરણ, હસતું મુખાર્વિંદ, મનહર વાણી અને પવિત્ર કાર્યોજ પતિનો થાક ઉતારનાર, વિસામો આપનાર, સન્મતિ સુઝાડનાર અને વિવિધ સુખ વૈભવનાં સાધનો ઉપજાવનાર છે. ઉજળી ચામડી, શોભિતાં વસ્ત્રાલંકાર, ડહાપણદાર બોલ અને રંગબેરંગી-ટીલાં ટપકાંનો ઠાઠ, એ સઘળું સદ્‌ગુણ વગર શોભતું નથી. ધન અને વિદ્યા સાથે મળવાથી શોભે છે, તેમજ રૂપ અને ગુણ બન્ને સાથે હોય ત્યારેજ શોભે છે. ગુણ વગરનુ એકલું રૂપ હાનિકારક છે.

૭

પતિને સુખે સુખી અને દુઃખે દુઃખી થયા છતાં પોતાને પડતું દુઃખ છુપાવવાના પ્રયત્નો કરનાર અને હરેક પ્રકારે—મન, વાચા અને કર્મ વડે પતિનું હિત ઇચ્છનાર પત્નિ પતિવ્રતા નામને પાત્ર છે. એવી સાધવી સ્ત્રીનાં આચરણ વડે ગમે તેવું ગરીબ કુટુંબ પણ સ્વર્ગ સમાન સુખ ભોગવે છે. રાત્રિ દિવસ શાન્તિથી જ રહે છે. તેના આખા કુટુંબમાં આનંદ જ દેખાય છે. વૈભવને શું કરવો છે? સ્વર્ગ સુખ શી નિશાતમાં છે? અને પૈસો શા ઉપયોગનો છે? જે ઘરમાં પતિવ્રતા ગૃહલક્ષ્મી વાસ કરી રહી છે, તે કુટુંબને બીજું શું જોઇએ? સઘળું તેનાં પવિત્ર આચરણોમાં જ પ્રકાશી રહ્યું છે! અમૃતમય, નિર્મળ અને સુખદાયક મીઠી વાણીમાં જ વસ્યું છે!

૮

પતિવ્રતાનો આડંબર કરનાર સ્ત્રીઓ જે જે આચરણ આચરે છે, તે સઘળાં ફાંફાં જ છે. તેનાં મન અને વાણીમાં

ભિન્નતા હોય છે, વાણી અને કર્મમાં પણ ઉલટાપણું જ હોય છે. એમ મન, વાણી અને કર્મનું ઉલટાપણું ધારણ કરનારને આપણે કુલટા જ કહીશું. તેવી સ્ત્રીઓના કરતાં સરળ અને ભોળા સ્વભાવની સ્ત્રીઓનાં સાદાં આચરણ હજાર દરજ્જે ઉત્તમ છે.

૯

લાજમર્યાદા કે વિનયસભ્યતા શું લાજના ઘુમટામાં આવી રહેલી છે? જ્યાં લાજનો ઘુમટો કહાડવાનો રિવાજ છે, ત્યાંથી તે રિવાજ કહાડી નાંખવો એમ હું ઇચ્છતો નથી; પરંતુ કુળને એબ લગાડનાર, પતિને નીચું જોવરાવનાર કૃત્ય કે આચરણ આચરનાર ઘુમટાને હું વખોડું છું. ઉપરથી ઘુમટો કહાડવો અને ભિતરમાં નિર્લજ,—અપવિત્ર ઘાટ ઘડવા, એ ઉચ્ચ કુલાંગનાઓનું નહિ પણ નીચ કુલટાઓનું કામ છે. લાજમર્યાદા ઘુમટામાં નહિ પણ આંખમાં, હૃદયમાં, આચરણમાં રહેલી છે. લાજનો ઘુમટો કહાડી બકબકાટ કરવો એ ઘુમટો પણ શા કામનો? ઘુમટામાં બોલવું એ સર્વ-થા નિષેધ છે.

૧૦

જે સ્ત્રીએ પોતાના પતિનાં આચરણ સુધાર્યાં છે, જેણે પોતાના પતિનો પ્રાણ બચાવ્યો છે, જેણે પતિને માટે પરમ સંકટો ભોગવ્યાં છે, જેણે પોતાના પતિને માટે સઘળા પ્રકારની લાલચોને દેશનિકાલ આપ્યો છે, અર્થાત્ પતિના સુખને માટે સઘળા પ્રકારની ઇચ્છાઓ દબાવી દીધી છે, જેણે પતિના હિતને માટે પોતાનો જીવ જોખમમાં નાંખવાનું સાહસ વહોરી લીધું છે, ટુંકામાં પતિનું હિત કરવામાં જ જેણે પોતાનું આયુષ્ય ખર્ચ્યું છે, અને સંસારનાં સઘળાં સુખ તુચ્છ

ગણીને જતાં કર્યાં છે, એવી પતિમાં જ લીન થયેલી સાધ્વી સ્ત્રીઓ જ પતિવ્રતાના નામને યોગ્ય છે. એવી પતિવ્રતા સ્ત્રીઓના પુણ્યથી જ આ પાપમય જગત્ હજી ટકી રહ્યું છે! ધન્ય છે તેવી સ્ત્રીઓને! અને ધન્ય છે તેની અપાર પતિભક્તિને!!

૧૧

સ્ત્રીઓને શિયળ છે તેજ આભરણ છે, શિયળ છે તેજ રૂપ છે, શિયળ છે તેજ પરમ સૌભાગ્ય છે, શિયળ છે તેજ અનુપમ ધર્મ છે, અને શિયળ છે તેજ આ સંસારમાં સર્વ પ્રકારના સુખનું સાધન છે. લાખો રૂપિયાની કીંમતનાં મણિ-માણેક અને હીરાજડીત વસ્ત્રાલંકારથી સ્ત્રી શોભતી નથી; પણ એક શિયળથી શોભે છે. શિયળ વગરની સ્ત્રી સંસારમાં કામની નથી. કેમકે અપવિત્ર સ્ત્રી સંસારને અપવિત્ર કરે છે. માટે તેવી સ્ત્રી સ્મશાનમાં પોહોંચવી જોઇએ.

૧૨

જે સ્ત્રીએ શિયળ તજ્યું, તેણે પોતાનું સર્વસ્વ તજ્યું સમજવું. તેણે પોતાનું જીવતર બગાડ્યું છે, એટલુંજ નહિ પણ પોતાનું અને પોતાના પતિનું કુળ ડુબાવ્યું છે એમ સમજવું. તેણે બન્ને કુળને લાંછન લગાડ્યું છે, તેણે એકલું પોતાનુંજ નહિ, પણ તેનાં સઘળાં સગાં સંબંધીઓનું નાક કપાવ્યું છે,–નામ બોળ્યું છે, અને જીવતર બગાડ્યું છે એમ સમજવું. તેણે તેની જનનીની કુખ લજવી છે. માટે શિયળ છોડનાર, એવી અપવિત્ર કુલટા સ્ત્રીઓને ધિક્કાર છે! હજારવાર ફિટકાર છે!!

૧૩

સતી સીતાને પોતાનું શિયળ સાચવવામાં સંકટો વેઠવ પડયાં છે. બહાદુર વીરાંગના સતી વીરમતીને પણ થોડુ સંકટ

આવી પડયું નહોતું. અનેક આફતો વેઠવી પડી હતી, પોતાના ઉપર ગુજરતા ભયંકર જુલમો સહન કરવા પડયા હતા, ત્રાસ દાયક ભય આવી પડયા હતા. રાણક સતીને પણ કમકમાટી ઉપજાવનાર, કરૂણાજનક બનાવ પોતાની નજર આગળ બનતા છતાં, તે સહન કરવા પડયા હતા. એક માત્ર પતિવ્રત સાચવવાની ખાતર, પોતાની નજર આગળ જુલમી, લંપટ અને વ્યભિચારી નરપિશાચના હાથથી પોતાના વ્હાલા પુત્ર રત્નોનો થતો વધ ઓછો દુઃખદાયક નહોતો. આવાં સંકટ સહન કરનાર સતીઓને ધન્ય છે, અને ધન્ય છે તેની સહનશીલતાને! તેવી સતીઓના સદ્ગુણને જ આજે માન મળે છે! તેમનાં રૂપને કે તેમના વૈભવને નહિ. તેઓ સઘળી તેમના મનની મોટાઈ અને મનની ઉચ્ચતાથી જ આજે સર્વત્ર પૂજાયછે!

૧૪

સંપત્તિમાં જેને હર્ષ નથી, વિપત્તિમાં જેને શોક નથી, રણમાં જેઓ પાછી પાની કરતા નથી, અભ્યાગતનો અનાદર કરતા નથી, અને સઘળી સ્થિતિમાં જેઓ દૃઢતાથી સમાન ભાવે વર્ત્તેછે, એવા કુળતિલક સત્પુત્રોને જન્મ આપનાર માતાઓને શાબાશી ઘટેછે! એવી માતાઓ દુનિયાની ઉન્નતિ કરવામાં મોટી સહાયતા કરેછે એમ સમજવું. એવી જનનીને વારંવાર સાષ્ટાંગ નમસ્કાર છે!

૧૫

ગમે તેવા સંકટને વખતે ધૈર્ય નહિ હારનાર તથા શિયળ નહિ છોડનાર સતીઓ આ પાપથી ભરેલી દુનિયાનું ક્ષુદ્ર માનવ પ્રાણી નથી; પણ તે દેવલોકની દેવાંગના છે, આ અંધકારમય જગત્માં અંધ, કામી પુરૂષોની આંખ ઉઘાડનાર અ-

લોકિક જ્યોતિછે, આ દુઃખદાયક સંસારમાં સુખની મીઠી લહરી છે, આ પૃથ્વીની અપવિત્રતા દૂર કરનાર ભગવતી છે; એટલુંજ નહિ પણ દુષ્ટતા, પાપ આદિ દુરાચારને બાળી ભસ્મ કરનાર ધગધગતી અગ્નિ છે. તેની એક આંખમાંથી અમૃતની શિતળ વૃષ્ટિ થાયછે, જેના છંટકાવથી પુણ્યમય જગત્ સુખમાં અને આનંદમાં રહેછે. તેની બીજી આંખમાંથી અગ્નિના ભડકા નીકળે છે, જે ભડકાથી પાપમય જગત્ બળીને ભસ્મ થાયછે. એવી સતી સાધવી ભગવતીને નમસ્કાર!

૧૬

સંકટ એ નરનારીની કસોટી છે. સંકટ પડયા વગર અને સમય આવ્યા વગર માણુસની ખરી કસોટી થતી નથી. ઇંદ્રભુવન જેવા રાજમેહેલમાં વસનાર, દુઃખને નહિ જાણુનાર, વૈભવમાં જ ઉછરનાર સતી દમયંતી પોતાના પતિની સાથે વિકટ વનમાં ભટકવા નીકળીપડીને,—ટાઢ, તૃષા, તડકો કે થાક નહિ ગણુકારી પતિના દુઃખમાં ભાગ લેવાને તૈયાર થઇને,-મહારાજા નળે પિયર જવાનો અણુસારો કર્યા છતાં, પતિનો સંગ નહિ છોડવાના પોતાના અડગ વિચારને વળગી રહીને,—પોતાનાં ઉછરતાં, કુમળાં, નાની ઉમરનાં, રોતાંકકળતાં એ ગુલાબી બાળકોનો વિયોગ વોહોરી લઇને સતી દમયંતીએ જે પતિ ભક્તિ બતાવી છે,—જે ધૈર્ય ધારણ કર્યું છે, જે સહનશીલતા સાચવી છે, તે ખરેખર પ્રશંસા પાત્ર છે! એવા હેરત પમાડનાર બનાવ કે અચંબો ઉપજાવનાર કસોટીઓ આ દુનિયામાં ક્વચિત જ બને છે.દેવી દમયંતી! તારા એ ગુણોને માટે તને જેટલું માન આપીએ, તેટલું ઓછુંછે! સતી દમયંતી! તેં આ આર્યખંડમાં ભલે આવતાર લીધો! તેં તારા જન્મથી આર્યભૂમિને પવિત્ર કીધી છે! તેં તારા દોહિલા દિવસોમાં, તારા પવિત્ર ચરણુ વડે આર્યખંડના જે પ્રદેશની ધૂળ પવિત્ર કીધી છે, તેને માટે એકલા તે પ્રદેશ-

ના જ નહિ પણ આખા આર્યખંડના લોકો ભાગ્યવાન બન્યા છે! સતી દમયંતી! તને એકલા આર્યખંડના લોકો નહિ પણ આખા દુનિયાના સઘળી જાતિના લોકો એકે અવાજે ધન્યવાદ આપે છે! એક જીભે તારા ગુણ ગાય છે! અને માન આપે છે! હા, દેવી દમયંતી! તું અમને આશિર્વાદ આપ, કે જે આશિર્વાદ વડે શુદ્ધ મહાસતીઓ પ્રગટ થઇને આ આર્યદેશને પોતાની પવિત્રતા વડે પવિત્ર કરે, અને પોતાની સત્કીર્ત્તિ વડે,—સત્કાર્ય વડે દેશને દીપાવે!

૧૭

છાશમાંથી જે માખણ ઉત્પન્ન થાય છે તે સાર છે, કચરામથી કમળ ઉત્પન્ન થાય છે તે સાર છે, સમુદ્રમાંથી મોતી ઉત્પન્ન થાય છે તે સાર છે; તેમ જ જે કુળવતી સ્ત્રીને ઉદરે ધર્મીષ્ટ અને સ્વદેશ હિતેચ્છુ, પરોપકારી અને શૂરવીર નરરત્નો પાકે છે તે સાર છે.

૧૮

આ સંસારમાં મનુષ્ય જન્મ છે તે સાર છે, મનુષ્યોમાં કુલિનપણું છે તે સાર છે, કુલિનપણામાં ધર્મપણું છે તે સાર છે, ધર્મપણામાં સઘપણું છે તે સાર છે; તેમજ સ્ત્રીઓમાં શિયળપણું છે તે સાર છે.

૧૯

વિષ અને વિષય એ બેમાંના વિષય શબ્દમાં છેલ્લો એક યકાર વધારે હોવાથી તેના અર્થમાં મોટો ફેરફાર થઇ ગયો છે. કેમકે વિષ પીવાથી પીનાર માણસને તે મરણ પમાડે છે અને વિષયનું તો માત્ર સ્મરણ કરવાથી જ તે મરણ તૂલ્ય કરે છે. વિષ અને વિષય એ બે શબ્દમાં ઉપર કહ્યો તેવો તફાવત છે; પણ સતી અસતી સ્ત્રીમાં જે મોટો ત-

ફાવત રહેલો છે, તે એથી પણ વિશેષ છે. સતી સ્ત્રી સાક્ષાત ભગવતી સમાન પૂજાય છે, તેનાં દર્શનથી પાપ ધોવાય છે, તેની મીઠી નજરથી અને મીઠી વાણીથી સંસાર સુખમય થઇ રહે છે; પણ અસતી સ્ત્રી કુળનું નિકંદન કરે છે, જ્યાં જાય છે ત્યાં ધિટકાર પામે છે, જેને કેડે પડે છે તેનું નખોદ કહાડી નાંખે છે, જેને દૂષરૂપી ડંખ મારે છે, તેને મહા વિષધારી નાગણીની પેઠે ડસીને તેનું સત્યાનાશ વાળી નાંખે છે,- તેના સર્વસ્વનો વિનાશ કરે છે,-અથવા તેનું મોત નિપજાવે છે. ઘણા પુરૂષોએ અસતીના સંતાપથી જ ભર યુવાવસ્થામાં આત્મઘાત કર્યા છે, અથવા આ સંસારને અસાર ગણીને,- પ્રબળ વિષ સમાન સમજીને ત્યાગી બન્યા છે! જુઓ, આ સતી અને અસતીનો ભેદ,- અને જુઓ તેનો મહીમા!

૨૦

દેવી દમયંતી! તેં દુઃખ વેઠવામાં મણા રાખી નથી. ધન્ય છે તારી સહનશક્તિને, અને ધન્ય છે તારી પતિભક્તિને! ત્રણ દિવસના ઉપવાસ થયા પછી મહા મેહેનતે મેળવીને પતિએ આપેલો ખોરાક,—તારા પવિત્રપણાને લીધે સજીવન થઇને હાથમાંથી સરી જતાં, તારા પતિ પુન્યશ્લોક નળરાજાના દીલમાં કલિના પ્રવેશથી ઉપજેલી શંકાથી તારા જેવી પવિત્ર નારીના દીલમાં,—તારા જેવી સતી સાધવીના મનમાં,- -તારા જેવી સરળ હૃદયની રમણીના અંતઃકરણમાં શું ઓછો જખમ થયો હશે! આટલાં અસહ્ય સંકટો પડવા છતાં, પતિમાં એકાગ્ર ધ્યાન ધરનારી,—શુદ્ધ પ્રેમવાળી,—અખંડ પતિભક્તિવાળી પતિવ્રતા નળપત્નિ દમયંતી તને ધન્ય છે! સાષ્ટાંગ નમસ્કાર છે!

૨૧

જે સ્ત્રીને મીઠાં ભોજન બહુ ભાવે છે; પણ મ્હેંમાંથી મીઠાં વચનો કહાડી શકતી નથી, તેજ ઝેરી નાગણી છે. જે

સ્ત્રીને ઉજળાં, સુશોભિત અને મુલ્યવાન વસ્ત્રાલંકારો બહુ ગમે છે; પણ જે પોતે સદાચરણ રહિત છે, તે કડવી પુષ્પવેલી સરખી છે. જે સ્ત્રી અંગે ગૌરવર્ણની અને કોમળ છે; પણ જેનું હૃદય પાપથી ભરેલું છે, તે સ્ત્રી સર્વથા રાક્ષસી છે. તેનું એક કથન સાંભળતાં પણ કાન અપવિત્ર થાય છે, તેના સ્પર્શથી અંગ અભડાય છે અને તેની સોબતથી હૃદય કઠોર થાય છે; માટે તેને દૂરથી જ નમસ્કાર કરવા એ સર્વથા હિતકારી છે.

૨૨

જે સ્ત્રીના શિક્ષણથી બાળકો સદાચરણથી વર્ત્તે છે, જે સ્ત્રીનાં સારાં આચરણ, ઉત્તમ આવડત અને નીતિયુકત મધુર વચનોથી આખા કુટુંબમાં સલાહશાન્તિ અને આનંદમંગળ થઇ રહે છે, જે સ્ત્રીનો ચેહેરો નિરંતર આનંદીત દેખાય છે, તે કુટુંબમાં લક્ષ્મી વાસ કરીને રહે છે, તે સ્ત્રી દેવી સમાન પૂજાય છે,—માન પામે છે અને તેજ સ્ત્રી ઘરમાં શોભે છે. તે સ્ત્રીના કુટુંબમાં સુખનો સૂર્ય કદિ અસ્ત થતો નથી, તે કુટુંબ વિવિધ વૈભવ ભોગવે છે, અને તે ઘર હમેશાં સ્વર્ગભૂવન સમાન ભાસે છે. આવા ગૃહસ્થાશ્રમને ધન્ય છે! અને અધિક ધન્ય છે તે કુટુંબના પ્રધાનરૂપ સુશીલ સ્ત્રીને!

૨૩

જે ઘરમાં કર્કશા નિરંતર કંકાસ કરે છે, રાત્રિદિવસ અસંતોષી રહે છે, પતિને પજવે છે, પોતાનાં દુર્વચનોરૂપી બાણથી સર્વને વીંધે છે, ધુંધવાતા અગ્નિની પેઠે નિરંતર ધુંધવાતીજ રહે છે, જેનો દરેક બોલ ગધેડીના ભુંકણ જેવો અથવા કૂતરી ભસે છે તેવો કઠોર, કડવો અને કાનને અણગણો ઉપજાવનાર હોય છે, જે સ્ત્રી

નિરંતર વગર અગ્નિએ પોતે બળે છે અને બીજાને બાળે છે, તે સ્ત્રી કુટુંબના કટ્ટા દુશ્મનની ગરજ સારે છે, તે સ્ત્રી ઘરની લાજ આબરૂ ગુમાવરાવે છે, પતિને બેહાલ બનાવે છે, સર્વને અણગમો ઉપજાવે છે, પોતાનાં દુરાચરણ બાળકોને વારસામાં આપીને તેમનો ભવ બગાડે છે. એવી સ્ત્રીની સાથે વાસ કરીને તેના કંકાસ રૂપી ભડકામાં બળતાં દાઝતાં ઘરસંસાર ચલાવવો તેના કરતાં જીવતાં જ ચિતાના બળતા અગ્નિમાં પડીને બળી મરવું હજાર કે લાખ દરજ્જે ઉત્તમ છે!

૨૪

જે સ્ત્રી પોતાનું ખરૂં કર્તવ્ય સમજે છે, નિરંતર નીતિનાં આભૂષણો સજે છે, સન્માર્ગે વિચરે છે, પોતે સુધરે છે અને કુટુંબને સુધારે છે, ઘરનો કારભાર આનંદથી અને સંતોષથી ચલાવે છે, ગમે તેવાં દુઃખ વેઠીને પણ કુટુંબને સુખી કરવા પ્રયત્ન કરે છે, તે ગૃહ લક્ષ્મીને,—તે ગુણવાન ગૃહિણીને ધન્ય છે!

૨૫

હરિશ્ચંદ્ર, કર્ણ, ભોજ, નળ, યુધિષ્ઠિર અને વિક્રમ વગેરે સત્યવાદી અને નીતિધુરંધર મહાપુરૂષોને જન્મ આપનાર જનેતાઓને ધન્ય છે! એવી જનેતાઓએ જ નીતિમાન, ધાર્મિક, વીર અને પરદુઃખભંજન પુરૂષોને જન્મ આપ્યો છે. એવી જનનીઓ હાલ ક્યાં છે? અધમ અવસ્થાએ પોહોંચેલા આર્યદેશનો ઉદ્ધાર કરે એવા પુરૂષોને ઉત્પન્ન કરનાર આર્યમહિલાઓની ખોટ જ્યાં સુધી પૂરાઈ નથી, ત્યાં સુધી બીજા અનેક ઉપાયો, મહાન પ્રયત્નો અને અતુલ ખર્ચનું સાર્થક થશે નહિ. પૂર્ણ કેળવણી પામેલ, સદ્દગુણી સન્નારીઓની હાલ આ આર્યખંડમાં પૂરી જરૂર છે.

૨૬

ઉત્તમ વસ્ત્રાલંકાર પેહેરીને કડવાં વચન બોલનારી સ્ત્રીના સહવાસમાં રહીને સાત માળની હવેલીએ હીંચોળાખાટમાં ઝુલવું, તેના કરતાં ફાટાં તૂટાં વસ્ત્રો પેહેરનારી, સોનાના ઉમદા અંલકારો વગરની હોવા છતાં પણ સદ્‌ગુણરૂપી અલંકારથી શોભતી મધુર વચની વામા સાથે, છોલા પાંદડાંથી છાયેલી, નાની જીર્ણ ઝુંપડીમાં જમીન ઉપર વસવું હજાર દરજ્જે સારૂં અને સુખકર છે.

૨૭

ઉજળી ચામડી અને સુશોભિત મુખારવિંદવાળી, કામમાં ચાતુર અને બોલવામાં ડહાપણવાળી, ઉત્તમ વસ્ત્રાલંકાર ધારણ કરીને મધુર વચનો બોલનારી, વખત વિચારીને ચાલનારી અને ઘરના કામમાં જે સ્ત્રી હુશિયારી ધરાવનારી હોય; પરંતુ જો તે દુર્ગુણી હોય, તો તેનું ઉપર લખ્યું સઘળું સારાપણુ મિથ્યા છે. ચામડી કશા ઉપયોગની નથી, રૂપ નાશવંત છે, ચાતુર્ય આત્માનું અનિષ્ટ કરનાર છે, તેમજ સુશોભિત, અને મુલ્યવાન વસ્ત્રાલંકાર તથા અગણિત કીંમતની મિલકત નાશવંત અને ધૂળ સમાન છે; પરંતુ આત્માનું કલ્યાણ કરનાર, કાળી ચામડીને ઉજળી દેખાડનાર, શ્યામ મુખારવિંદને અને ખોટાં કે હલકા વસ્ત્રાલંકારને શોભાવનાર અને જીવતરને સુખમય કરનાર અખંડ અને અચળ તેજસ્વી વસ્તુ એક સદ્‌ગુણજ છે. સદ્‌ગુણ વગરનું સર્વ નકામું છે,—અનિષ્ટકારી છે. સદ્‌ગુણ એજ સ્ત્રીઓનો સાચો શણગાર અને ઉમદા રૂપલાવણ્ય છે. સદ્‌ગુણ વગરની ગોરી ચામડીવાળી ગોરીને ધિક્કાર છો અને ધિક્કાર છે. તેનાં રૂપ લાવણ્યને ! અને હજાર વાર ધિક્કાર છે તેના સદ્‌ગુણ વગરના ડહાપણને, ચાતુર્યને અને વસ્ત્રાલંકારને !

૨૮

જેના માથાના વાળ વિખરાયલા છે, લુગડાંમાં મેલની દુર્ગંધ અને માથામાં ખદબદતી જુઓ છે. પરસેવાથી શરીર પર લાગેલો ક્ષાર છે. એવી મલિન વસ્ત્ર અને ગંધાતા શરીર વાળી ફુવડ સ્ત્રીના ઘરમાં સઘળી વસ્તુઓ અનિયમિતપણે રખડતી અને બેહાલ સ્થિતિમાં પડેલી હોય છે. એક બાજુ શાકભાજીનો પાલો સડતો હોય છે, તો બીજી બાજુ માખીઓ બણબણતી હોય છે. છોકરાંનાં, પોતાનાં અને બીજાનાં મલિન વસ્ત્રો એક બાજુ ગંધાતાં હોય છે તો બીજી બાજુ દાણોદૂણી પગે ખૂંદાતાં હોય છે. ભીંતની બાજુઓઉપર કરોળીઆ આદિ જંતુઓએ લાંબી મુદ્દતથી પોતાને વસવાનાં જાળાં બાંધ્યાં હોય છે પાણીનાં વાસણ ઉઘાડાં પડયાં હોય છે, તેમાં કૂતરાં બિલાડા બોટી જતાં હોય છે; એક બાજુ દિવેલ ઢોળાયું હોય છે, અને બીજી બાજુએ બીજી કોઈ વસ્તુઓ પગમાં અફળાતી હોય છે; એક બાજુ છોકરાં આરડભેરડ કરી રહ્યાં હોય છે. તો બીજી બાજુ પોતાના ધુંધવાતા મુખમાંથી ધમપછાડા નાંખતો અને ગાજતો વિજતો ગાળોનો વરસાદ વરસતો હોય છે; એક બાજુ કૂતરૂં ઘંટી ચાટતું હોય છે, તો બીજી બાજુ બિલાડાં ઘી, દૂધ ઢોળતાં હોય છે અથવા તો વાછરડાં પાડાં ગંધાતાં કપડાં ચાવતાં હોય છે; એક બાજુ કચરાનો ઢગલો સડતો હોય છે, તો બીજી બાજુ દુર્ગંધ મારતું છાણ પડયું હોય છે; એક છોકરૂં કંઈ વસ્તુ માટે કજીઓ કરવાથી મારખાઈ રડતું હોય છે, તો બીજું છોકરૂ ફળિયાના કાદવમાં લપસી પડી ભેંકડો તાણતું અને કચરામાં આલોટતું પડયું હોય છે! ઉપર કહ્યું તેમ ઘરનાં ધણીયાણી ફુવડબાઈ સાહેબ આંટાફેરા મારતાં, છોકરાંને કે રખડતી વસ્તુઓને પગની ઠેસે ચડાવતાં અને ગાળોના ગેબી ગોળા વરસાવતાં જો કદાચ ભોગ-

જોગે બંધ પડયાં હોય છે, અથવા થાકયાં હોય છે, તો ઘર વચ્ચે ખળભળી પડેલ છાણાંનાં મોઢવાની પેઠે ઢગલો થઇ પડયાં હોય છે, અને શરીર પરનું લુગડું ખસી ગયાની ખબર કે દરકાર રાખ્યા વગર ધોળે દિવસે ભરનિદ્રામાં ઘોરતાં હોય છે, અને નાના ખાબોચીયાંના ગંધાતા કાદવમાં પડેલી મસ્તાન ભેંસની પેઠે ગમે તેમ આળોટતાં હોય છે! આ વખતે તેની પાસે એકાદ બાળક પોકે પોક મૂકીને પોતાના નસીબને રડતું હોય છે! વધારે શું કહેવું! ભોગજોગે તેને ઘેર કોઇ કામ પ્રસંગે બિચારૂં એકાદ માણસ આવી ચડયું હોય, તો એ ચાર બૂમો મારીને આ બૂમરાણુથી કંટાળી તેને જરૂર નિરાશ થઇ પાછું જ જવું પડે! કેવી ફજેતી!

આવી સ્ત્રીના પતિ થઇ તેની સાથે વસવા કરતાં, તેનો પતિ અંગે વિભૂતિ લગાવી, એક હાથમાં કમંડળ અને બીજા હાથમાં ઝોળી લઇ, માથે જટા વધારી, યોગીને છાજતો વેષ ધારણ કરીને તથા આ સંસારને અસાર ગણીને અને છેવટમાં તે બિચારા નિર્ભાગીને માથે જડેલી કુ—ભાર્યાને છેટેથી જ સો સો સલામો કરીને,—અર્થાત્ સઘળાંનો ત્યાગ કરીને અરણ્યમાં જઇ વસવું, તેનેજ સુખ માને છે! અને કદાચ તેવી ભાર્યાથી પજવાયલો પતિ ઘરબાર છોડીને નીકળી પણ જાય છે! હું ભૂલતો ન હોઉં તો એવા દુખિયા ગૃહસ્થાશ્રમીઓએ જ સંસાર ત્યાગ કર્યાના બહુ દાખલા મળી આવે છે, એટલુંજ નહિ પણ એવા દુર્ભાગી ગૃહસ્થીઓ એવી કુભાર્યાના સહવાસમાં રહેવું નાદુરસ્ત ધારી, આ સંસાર ખારો ઝેર,—અકારો લાગવાથી ઘણી વખત આપઘાત કરીને પોતાના અમુલ્ય જીવનનો અકાળે વિનાશ કરે છે,—કમોતે મરે છે! અપસોસ! એવી સ્ત્રીઓ દુનિયામાંથી કેમ નાશ પામતી નથી!!

મોટી દિલગીરીની વાત એ છે કે,— તેવી સ્ત્રીઓને

શીખામણના બે બોલ આપવા જતાં "પાડા ઉપર પાણી"ની પેઠે તે શીખામણના બોલ સરી જાય છે. તેનું મન,—તેની બુદ્ધિ એવા અંધકારમય પ્રદેશમાં હોય છે કે, ત્યાં બીજાના આપેલા જ્ઞાનનો ઝાંખો પણ પ્રકાશ પડતો નથી. એવી અધમાવસ્થાવાળી સ્ત્રીઓની અને તેના ભર્થારોની જીંદગી ઇતર પ્રાણીઓના કરતાં પણ વધારે ઉતરતી હોય છે. જ્ઞાનવાન સ્ત્રીઓએ તેવી સ્ત્રીઓ ઉપર જરા દયા ખાવા જેવું છે. મીઠાં વચનોથી તેમની સાથે મન મેળવી, તેમનો સ્વભાવ અને વર્તન સુધારવા, તથા તેમને માણસ જાતિની હારમાં લાવવા, તેમનાં તન, મનની અને આત્માની ઉન્નતિ કરવા, યથાસાધ્ય યત્ન કરવો એ સમજુ સ્ત્રીઓનું કર્તવ્ય છે.

૨૯

પુરૂષો કરતાં સ્ત્રીઓમાં દયાવૃત્તિ કુદરતથીજ વધારે હોય છે. આંગણે આવેલા અતિથીનો આદરસત્કાર જે ગૃહિણી કરતી નથી, તેના જન્મને, તેના સદાચારને, તેના પતિવ્રતપણાને, તેના ધર્મને, તેના કુળને, તેના સ્ત્રીજાતિપણાને અને તેનાં સઘળાં સારાપણાને ધિક્કાર છે! કારણ કે ગૃહસ્થીએ અતિથીનો આદરસત્કાર કરવો એ તેની મુખ્ય ફરજ છે. ઘરનો સઘળો કારભાર ગૃહિણીના હાથમાં હોય છે. માટે આંગણે આવેલા અતિથીને નિરાશ પાછો કહાડવો એ મહા પાપ છે. વળી અન્નદાન સમાન બીજું એકકે દાન નથી, માટે અતિથીને નિરાશ કહાડનાર અથવા ગૃહસ્થીનો ધર્મ ત્યાગ કરનાર સ્ત્રી ગૃહિણીના નામને પાત્ર નથી; પણ ભટકતી ભીખારણને પાત્ર છે એમ સમજવું!

૩૦

ઉત્તમ ગૃહિણીનો સઘળો સમય ઘરનું કામકાજ કરતાં આનંદમાં જાય છે, અને મૂર્ખ સ્ત્રીનો વખત ફોકટ કુથલી

અને પરનિંદા કરવામાં જાય છે; આથી એવી સ્ત્રીઓના ઘરનું કામ રઝળે છે,—અથવા "લાલી લૂગડ ધોયાં? તો કહે બોળીને નીચોવ્યાં." તેના જેવું અપૂર્ણ, જીજુ થુથુ, કઢંગું અને ઉપરચોટીયુંજ થાય છે. તેનાં સઘળાં કામમાં ખામી જ હોય છે. તેનું મન હમેશાં કુથલીમાં જ લાગેલું હોય છે, કામમાં નહિ. આથી પરિણામે તે પોતે જ નિંદાને પાત્ર થાય છે. એવી સ્ત્રીઓ પોતાના હિત ઉપર પાણી ફેરવે છે, એટલુંજ નહિ પણ પોતાના કુટુંબના હિત ઉપર પણ પરિણામે પાણી ફેરવનાર નિવડે છે. કુથલી કરનારમાંની ઘણી સ્ત્રીઓ ઘણી વખત ડાહી, ચંચળ અને નીતિમાન હોય છે; પણ તેનો સઘળો વખત આવી રીતની નિરર્થક નિંદામાં જવાથી તે સર્વદા દુઃખી થાય છે. સઘળાં સુખ અને સઘળા ગુણો, વગર સમજણની ઠઠ્ઠા મશ્કરીમાં અને કુથલીમાં ગુમાવે છે, તેથી પરિણામે તેનું સઘળું સારાપણું તેના જીવતરની સાથે લય પામે છે! અપસોસ!

૩૧

માતા પ્રથમ ગર્ભમાં અને પછી પ્રસવ થતાં દુઃખ ભોગવે છે, સ્તનપાનાદિથી પુત્ર પુત્રીનું સેવન કરે છે, મળમુત્રાદિની મલિનતા સહન કરે છે અને બાળકને ઉછેરતાં પગલે પગલે દુઃખ વેઠે છે અહા! જનેતાને થોડાં કષ્ટ નથી! આ ઉપરાંત ગૃહિણી તરીકેની બીજી અનેક ફરજો બજાવતાં મહા મહા મુસીબતો વેઠે છે. ધન્ય છે એવી જનેતાને જે આટલાં બધાં કષ્ટોથી ઘેરાયલી છતા પ્રસન્ન મુખથી સઘળું સહન કરીને સંતાનનું સર્વદા હિત ઇચ્છે છે અને ઘરના બધો મુસીબત ભર્યો કારભાર ચલાવે છે ધન્ય છે તેના કામને અને ડહાપણને! ધન્ય છે તેની હિંમતને અને તેની ધિરજને!

૩૨

નારી બહુ દાન કરવાથી શુદ્ધ થતી નથી, અનેક ઉપવાસ કરવાથી શુદ્ધ થતી નથી, માળા લઇ જપ કરવાથી શુદ્ધ થતી નથી, વ્રત ઉપવાસ આદિ શરીર કષ્ટ સહન કરવાથી શુદ્ધ થતી નથી અને નિત્ય નહાવણુ તથા પૂજા પાત્રીથી નારી શુદ્ધ થતી નથી; પરંતુ વ્રત ઉપવાસ આદિ શરીર કષ્ટ નહિ ભોગવનારી નારી પણ તેના સ્વામીની કહ્યાગરી થવાથી સર્વથા શુદ્ધ થાયછે.

૩૩

કદાચ સ્ત્રી પોતે દૈવી આફતથી પુત્રનો ત્યાગ કરે, વખતે પોતાનાં સુભેચ્છક અને જન્મદાતા માતાપિતાનો ત્યાગ કરે; પરંતુ વિપત્તિમાં આવેલા પોતાના પ્રાણપતિનો ત્યાગ જે સ્ત્રી ન કરે, તે મહા સતી જાણવી. આમ કરવામાં કદાચ અમુલ્ય ધનભંડારનો ત્યાગ કરવો પડે, અને કદાચ આ દુનિયાનાં સમસ્ત સુખોનો ત્યાગ કરવો પડે, તો તે પણ બેધડક રીતે કરીને સતી સ્ત્રી પોતાનું સતીત્વ સાચવી રાખે છે.

૩૪

વૈભવ જાય, લક્ષ્મી જાય, વહાલામાં વહાલું માણસ જાય, જેનો નાશ થવાનો છે એવા પ્રાણ જાય; પરંતુ પોતાના મુખમાંથી નીકળેલી વાણી કદિપણ ન જાય, અર્થાત્ પોતાના મુખમાંથી નીકળેલો એક બોલપણ કદિ જૂઠો ન પડે, એવી સત્યતા વાળી સ્ત્રી, સર્વ પ્રકારનાં સુખ ભોગવે છે.

૩૫

સાચાં, સારાં અને સરળ વચનો બોલવામાં પૈસાનો ખર્ચ થતો નથી, શરીર કષ્ટ વેઠવું પડતું

નથી, કે બીજું કંઇ આપણી પાસેથી જતું નથી, કે ઓછું થતું નથી, તો પછી શા માટે મુખમાંથી કઠોર, કડવાં કે જૂઠાં વચનો ક્હાડી નિરર્થક બીજાને દુ:ખ આપવું? અને શામાટે આપણે પણ દુ:ખ અને પાપ વહોરી લેવું? કઠોર વચનો મહા અનિષ્ટનું કારણ થઈ પડે છે, કઠોર વચનોથી જીભને સ્વાદ પણ મળતો નથી; તો પછી મીઠાં, સાચાં અને મુલદાર વચનો નહિ કહાડવારૂપ. આળસ કે કુટિલતા શામાટે રાખવી તે સમજાતું નથી. એક વખત આખું જગત્ વશ કરવું હોય, તો પણ મધુરવચની માનિનીઓ તેમ કરવાને સમર્થ છે! મધુરવચની મહિલાઓ! તમારાં શાં વખાણ કરવાં! ધન્ય છે તમને અને તમારી જીભમાં વસેલાં મહા સમર્થ વશીકરણને!

૩૬

ધન્ય છે એવી અબળાઓને કે જેઓ પોતાની જીભથીજ સર્વને વશ કરે છે. મહાન લશ્કરો જે જીત ન કરે, તેવી જીત તે કરી શકે છે. અબળાના મુખમાંથી નીકળેલાં મધુર અને નમ્ર વચનો કઠોર હૃદયના અને વજ્ર છાતીના માણસને પ્રથમ તો ગાળીને પાણી પાણી કરી નાંખે છે અને પછી પોતાનાં બોધક, નમ્ર, થંડાં અને ગુણકારી મલમ જેવાં ફાયદાકારક વ-ચનોથી ધીમે ધીમે પોતાના મનની છાપ સામા ધણી ઉપર સજજડ બેસાડે છે. અબળા આવાં બલવત્તર કામ કરીને અનાડી અને ઉછાંછળા મરદોને માત્ર પોતાની જીભથીજ વશ કરે છે,—અંકુશમાં રાખે છે! સ્ત્રીઓ આવી પ્રબળ શક્તિ ધરાવે છે, તો છતાં તેને અબળા કહેવી એ કેટલું સા-હસ, અણઘટતું અને અન્યાયી બોલવું છે? તેવી નારીઓ અબળા નહિ પણ સબળા નામને લાયક છે! ધન્ય છે તેની અપાર જાદુઇ શક્તિને!

३७

દૃષ્ટિએ ચડેલા પરપુરૂષને સ્વભાવથી જુએ નહિ, પ્રાણાન્તે પણ કોપાયમાન થાય નહિ, સ્વામીની સાથે કદિ પણ ઉંચે અવાજે બોલે નહિ, ક્રોધને તો જે ઓળખે જ નહિ અને જેનું હૃદય હમેશાં પવિત્ર જ હોય, તેવી સદ્ગુણી અને સાધવી સ્ત્રીને સ્વાભાવિક સતી જાણવી.

૩૮

જેનાં બાળકો સદ્ગુણી છે, જેનું ઘર સુઘડ છે, જેનો પતિ પોતાનો ગૃહસ્થાશ્રમ ધન્ય માને છે, જેણે સાસુ સસરાની સેવા સાચે સ્નેહે બજાવી છે, જેણે પતિનો પ્યાર વગર આડંબરે વોહોરી લીધો છે, જે નારી નણંદ, દિયર આદિની સહોદર ભગ્નિ સમાન થઇ રહી છે, અને જેણે પોતાનાં બાળકો ઉપર અપૂર્વ મમતા વરસાવીને ઉત્તમ સદ્બોધ આપ્યો છે, તેજ નારી કુળવાન છે! પછી તેના પતિનું કે તેનાં માબાપનું કુળ ગમે તેવું ઉંચું નીચૂં હોય તેની કંઇ ફિકર નથી. સઘળા માણસો—સદાચરણી, ઘરના કામમાં કુશળ, અને પ્રેમાળ સ્ત્રીને જ કુળવાન માનશે અને અંતઃકરણ પૂર્વક માન આપશે. ઉચું કે નીચું કુળ કયા પ્રદેશમાં વસે છે? પવિત્ર અને સરળ હૃદયમાં કુલિનતાનો વાસ છે. અમે ઉચ્ચ કુળનાં છીએ એમ માનીને કે બકબકાટ કરીને બેશી રહેવાથી અને કુલાંગનાને નહિ છાજતાં આચરણ આચરવાથી કુળવાન સ્ત્રી, કુળવાન ગણાશે કે? કદિ નહિ. કુલિનતા પવિત્ર, સરળ અને ધાર્મિક અંતઃકરણોમાંથી પ્રગટ થઇને સદાચરણ વડે બહાર આવે છે! કુલિનતા ઠાઠી ઠકરાઇમાં કે બહિરાડંબરમાં નહિ; પણ સદાચરણમાં વિરાજે છે! કુલિનતાનો પટ્ટો કાગળ ઉપર લેખથી લખાયલો નથી; પણ તે લાજઆબરૂને આધારે

તેનેજ વિંટલાયલો હોય છે, અને સદાચરણના દરેક કૃત્યથી લાજ આબરૂનું બંધારણ હોય છે. શુદ્ધ અંતઃકરણ એ સદાચરણની જમીન છે, અને સારી સોબત એ તેનું બીજ છે. માટે શુદ્ધ અંતઃકરણથી સારી સોબતમાં રહીને સદાચરણનાં કૃત્ય કરવાથી કુલિનતાનો ઉજળો પ્રકાશ દેખાશે. પૈસો અને અમલ એ એને જ આધારે કુલિનતા રહે છે એ સમજવું ભૂલ ભરેલું છે. સાદાઇ અને કંગાલિયતમાં પણ કુલિનતા હોય છે, તફાવત માત્ર એટલોજ કે કંગાલિયતની કુલિનતાને કાટ ચડેલો હોય છે, અને પેલી પૈસાથી અથવા બીજા બોલમાં કહીએ તો લક્ષ્મીની સોબતથી ઉજળી દેખાય છે. લક્ષ્મીથી ઉજળી દેખાતી કુલિનતામાં કોઇ કોઇ સ્થળે કાળું લાંચ્છન દેખાય છે, એ શું ઓછું ખેદકારક છે? "સાવજને કોણ કહેવા જાય કે તારૂં મ્હોં ગંધાય છે?" અમે તો અમારા શુદ્ધ અંતઃકરણથી દુઃખમાં ઉછરેલી, કંગાલિયાતથી પીડાયલી, સાદી અને સરળ, ભલે અંધારામાં પડેલી પણ પવિત્ર કુલિનતાની ઉંચે સ્વરે વાહ વાહ બોલીએ છીએ, અને તેને સોનેરી પુષ્પથી વધાવીએ છીએ! ધન્ય છે કંગાલીયાતની પણ ખરી કુલિનતાને!

૩૯

સદાચરણી અને પવિત્ર સન્નારીનું જીવતર સફળ છે. તે ગમે તેવી કાણી કુબડી, લુલી લંગડી કે કાળી કદરૂપી હોય; પણ તે નારી સર્વથા સર્વદા માનને પાત્ર છે! તે નારી તેના સદ્‌ગુણોથી શોભી ઉઠે છે! તેને વસ્ત્રાલંકાર કે રૂપ રંગની શી જરૂર છે? ગમે તેવાં મુલ્યવાન વસ્ત્રાલંકારની કીંમત કરતાં સદ્‌ગુણની કીંમત વધારે છે. રૂપ રંગની શોભા કરતાં સદ્‌ગુ

ણુની સાદી પણ. પવિત્ર શોભા હમેશાં સ્થાયી અને ચઢીઆતી છે.

૪૦

દુનિયા ઉપરના હરકોઇ પદાર્થની કડવાશ કે ઝેર કરતાં કર્કશાના કથનમાં વધારે કડવાશ અને વધારે ઝેર હોય છે. કોઇ પણ ઝેર આખા અંગમાં વ્યાપી જવાને થોડો પણ વખત જોઇએ છીએ. મહા ઝેરી નાગણીનું ઝેર ચડવાને પણ કિંચિત્ વખત લાગે છે; પરંતુ કર્કશાનાં કડવાં કથનનું ઝેર એવું તો સખ્ત છે કે તે કથન સાંભળતાંજ તેનું હલાહલ વિષ સાંભળનારને હાડોહાડ વ્યાપી જાય છે! કર્કશાનાં કથન સાંભળવાનો વખત દુષ્મનને પણ ન હોજો!

૪૧

મધુરવચનીનું મુખ ખરેખર અમૃતની ખાણ છે. રોગથી પીડાતો રોગી માણસ તે ખાણમાંથી નીકળતાં અમૃત વચનો વડે રોગ મુકત થાય છે. રોગી માણસનું ઉમદા ઔષધ મધુરવચની માનિનીના મુખમાંથી નીકળતાં મધુમય વચનો જ છે. મધુરવચનો એં થંડામાં થંડો, સસ્તામાં સસ્તો અને ઉત્તમમાં ,ઉત્તમ ગુણકારી મલમ છે! દુનિયામાં દુઃખ માત્ર એટલુંજ છે કે એવાં વચનો કોઈજ ભાગ્યશાળી ભરથારની ભાર્યાના મુખમાંથી નીકળતાં હોય છે! સઘળે સ્થળે એ ઔષધની ખાણ હોતી નથી. એ કારણથી જ તેની અછત છે, એ કારણથી સર્વ તેને જંખે છે, તેની એવા અછતને લીધેજ તેની કિંમત આવડી મોટી અંકાઈ હશે!

૪૨

ધનવંતરીની અનન્ય ઔષધશાળા મધુરવચની માનિનીનું મુખ છે. તેનાં અમૃતમય વચનો ક્ષય, રકતપીત કે એવાજ મોટા

રોગને જડ મૂળથી નાબૂદ કરનાર ઉમદા ઐાષધી અને શાન્તિને માટે શિતળ મલમ છે! આ દુનિયામાં અમૃત જેવી ઐાષધી ક્યાં છે! મધુરવચનીના મુખમાં જ. અમૃત જેવી બુટ્ટી મહા પ્રયાસ કે પ્રયત્નો કરવાથી ક્યાંહી પણ મળતી નથી. નાણું ખર્ચવાથી પણ મળતી નથી. જો તે સહજ મળે તેવી વસ્તુ હોત, તો ખરેખાત આ દુનિયાંમાં માણસોનાં મરણોની સંખ્યા આવડી મોટી ન જ હોત!

૪૩

મધુર વચનો, હરકોઇ કામમાં ઉમદા મદદગાર છે, આયુષ્ય વધારનાર છે, બળ, બુદ્ધિ આપનાર છે, શરીરની કાન્તિ અને ઘરમાં સંપત્તિ વધારનાર છે, ક્રોધને મારનાર છે, અને ગમે તેવા અનાડી માણસને વશ કરનાર છે. મધુર વચનો જન્મથીજ હરકોઇ પ્રકારનાં દર્દનાં કટ્ટાં શત્રુ છે. એટલા ગુણ મધુર વચનોમાં છે. હે, મધુરવચની માનિની! તુ તારાં અમૃતમય વચનો વડે બધું જગત્ જીતનાર અને જીવાડનાર છે! તુંજ અમૃતની ખાણ છે! ઉત્તમ ઐાષધીનો ભંડાર છે! તારી એકની બરોબરી સો શૂરવીર અને દાના પુરૂષોથી પણ થાય તેમ નથી; માટે તને ધન્ય છે!

૪૪

કુલટા કમોત મરે છે, અને મારે છે. કુલટાનું હૃદય હલાહલ વિષથી ભરેલું હોયછે. તેની જીભ ઉપર જૂઠનો વાસ હોયછે. તેના મગજમાં છળ કપટ અને પ્રપંચની સ્થાપના થએલી હોયછે. તેનું હૃદય પાપના કાળા પડદાથી ઘેરાયલું હોયછે. તેની ઇશ્વરદત્ત માનવબુદ્ધિ મલિન વિચારો, અને નીચ સોબતથી કટાઇ ગઇ હોયછે. તેની ચંચળ આંખો બૂરાં કૃત્યને જ જુએ છે,—કનિષ્ટનેજ ચાહેછે. તેની ચાલચલગત જોકે સામાન્ય માણ-

સોની નજરમાં નીતિમાન, સુઘડ અને વિવેકથી ભરેલી દેખાયછે; પણ ચતુર પુરૂષોની અંતર દૃષ્ટિમાં તેની વર્ત્તણુક હમેશાં શકદાર હોયછે. એવી અપવિત્ર નારીનું નામ લેવામાં પણ મહા પાપ છે. તેનો ઓળો (પડછાયો) માણસને અપવિત્ર કરેછે. માટે તેનાથી હમેશાં સો કદમ દૂર ચાલવું. એ સલામતી ભરેલું છે. તેની સોબત સર્વથા નિષેધ છે!

૪૫

કુલટા નારી ખરે ખર ઝેરી નાગણી કે રાક્ષસી છે. તે તેના આખા કુટુંબને જીવતાં નર્કમાં નાંખેછે, અને ઉભય કુળને પાપમાં બોળેછે; પણ પવિત્ર સ્ત્રીનાં આચરણ તેનાથી ઉલટાંજ હોયછે. પવિત્ર સ્ત્રી જીવતાં સ્વર્ગનો અનુભવ કરાવેછે, તે પોતે પોતાની પવિત્રતાથી તરેછે અને બીજાને તારે છે, બન્ને કુળ ઉજાળેછે અને દુનિયામાં એક દેવાંગના તરીકે પોતાનું કર્ત્તવ્ય બજાવેછે. એવી નારી સર્વથા કલ્યાણકારી જ છે.

૪૬

કાળા મુખથી નહીં પણ કાળા કૃત્યથી શરમાવું જોઇએ. કાળા કે ધોળા રંગથી શું થઇ ગયું? રંગ માત્ર મોહક અને નાશકારક છે; પરંતુ સારૂં કે નઠારૂં દરેક કાર્ય પૃથ્વીની સપાટી ઉપર નોંધાઇ જાય છે, તેનો કદિ પણ નાશ થતો નથી. નક્કી સમજવું કે કૃત્ય કરનારનો નાશ છે; પરંતુ તે કૃત્યનો નાશ નથી જ. સઘળાં કૃત્યો અવિચળ છે સદ્‌ગુણ શરીરનું જેટલું રૂપ વધારે છે, જેટલું તેજ આપે છે, તેટલું રૂપ કે તેટલું તેજ કરોડો રૂપિયાના દાગીના કે ઉમદા રંગ બેરંગી વસ્ત્રો આપી શકશે નહીં, જગત્‌માં કોને ખરૂં માન છે? કોનામાં ખરૂં રૂપ છે? સઘળા લોકો કોને અંતઃકરણપૂર્વક ચાહે છે? પરિણામે ઇશ્વર કોના પક્ષમાં છે? કોના ઉપર

તે રાજી છે? વસ્ત્રાલંકારના ઠાઠવાળી દુર્ગુણી દુષ્ટા ઉપર કે કંથાધારી સન્નારી ઉપર? અલબત સદ્‌ગુણી સન્નારી ઉપર જ આખું જગત્ અને ઇશ્વર રાજી છે! તેને જ સર્વ તરફથી માન મળે છે, અને તેનીજ વાહવાહ બોલાય છે.

૪૭

સદ્‌ગુણ અને દુર્ગુણ ત્રાજવે તોળાતા નથી, રૂપિયાની પેઠે વગાડી જોવાતા નથી અને પારેખની કસોટીએ પણ ચડાવાતા નથી; તથાપિ સદ્‌ગુણ કે દુર્ગુણ પ્રસંગે ઢાંકયા રહેતા નથી; પણ તે આપેજ પ્રગટ થાય છે. તે પોતે પોતાના સામર્થ્ય વડે અથવા પોતાનામાં જે તેજ કે જે અંધકાર ગુપ્ત રીતે સ્થાયી રહેલાં હોય છે તેના વડે તે સારા નઠારા માણસને ઓળખાવે છે. સ્ત્રીની કસોટી સદ્‌ગુણ છે, સદ્‌ગુણ સમય પરત્વે પ્રકાશે છે. સમય એજ ગુણાવગુણની કસોટી છે. ગુણવાન નારીઓ ગમે તેવા વિતક વખતે, અને ખરેખરા સંકટમાં,—અણીને વખતે કોપાયમાન થયેલી સિંહણની પેઠે પોતાના ઉપર આવી પડેલો સમય સુધારી લેવાને શૂરી બને છે! પોતાનું સતીત્વ પ્રગટે છે!

૪૮

વિદ્યાવતી તેજ કે જેણે પોતાનાં બાળકોને ઉત્તમ શિક્ષણ આપીને સારાં લક્ષણવંતાં બનાવ્યાં છે! ખરી જનેતા તેજ કે જેણે પોતાની કુખે સત્પુત્રરૂપી સાચા હીરાઓને જન્મ આપ્યો છે, ગુણધાન ગૃહિણી તેજ કે જે સ્ત્રી પોતાના ઘરનો કારભાર આનંદથી રૂડી રીતે ચલાવે છે, પતિવ્રતા તેજ કે જે સ્ત્રી પોતાના પતિના સુખને માટે જ સર્જાયલી છે, સતી તેજ કે જે સ્ત્રી પતિભકિતમાં લીન થઇને વસ્ત્રાલંકારથી નહિ પણ સદ્‌ગુણોથી શોભી રહેલી છે. ઉપરના ગુણોવાળી સ્ત્રી આખા-

કુટુંબને અને જનમંડળને હિતકારી છે. તેના વડે માણસોનું કલ્યાણ જ થાય છે. તેવી સ્ત્રી હમેશાં સઘળી રીતે સુખદાયક અને સ્તુતિપાત્ર છે.

૪૯

આનંદી સ્ત્રી પોતાના પતિનેજ નહિં પણ આખા કુટુંબને સુખરૂપ છે. તે પોતાના આનંદી ચેહેરાથી આખું ઘર અજવાળે છે. તે પોતાનાં મધુર વચનોથી પ્રથમ પોતાના ઘરમાં અને પછી આસપાસનાં પાડોશીઓનાં ઘર ઉપર આનંદની વૃષ્ટિ કરે છે. આનંદી સ્ત્રી નિરંતર પોતાનાં અને પરાયાં બાળકો ઉપર આનંદની દૃષ્ટિથી જુએ છે, અને મુખમાંથી મધુર વચનો રૂપી મીઠી પ્રસાંદી તેમને વેહેંચે છે. તેની તે પ્રસાદીથી સઘળાં છોકરાંને દરરોજ લીલા લેહેર થાય છે અને શરીરમાં સવાશેર લોહી ચઢે છે.

બાળકોનાં હૃદય આનંદથી ઉછળે છે. આનંદી અને મધુર વચની માનિની પાસે જરૂર એવું કંઇક અલૌકિક વશીકરણ છે, એમાં સંદેહ નથી. કેમકે તેની જીભમાં એટલું સામર્થ્ય છે કે તે આખી માનવજાતિને વશ કરવાને સમર્થ છે!

૫૦

ધન્ય છે એવા પુરૂષને કે જેને સદ્ગુણી સ્ત્રી ગળી છે, ખરાં ભાગ્યશાલી સંતાનો તેજ છે કે જેઓ સાક્ષાત જગત્ જનની ભગવતી સમાન જનેતાને ઉદરે જાયાં છે, ખરાં સુખી છોકરાં તે જ કે જેઓ લક્ષ્મી સમાન ગુણવાન ગૃહિણીનું લાલન, પાલન, પોષણ અને કેળવણી પામ્યાં છે, ખરાં ભાગ્યવાન છોકરાં તેજ કે જેઓ આનંદી અને માયાળુ માતાનાં સંતાન છે! બાળકોના જન્મનું ખરૂં સાર્થક તેજ કે જેમી જનની પૂર્ણ પ્રેમવંતી, ગુણવંતી, શિયળવતી, સત્યવતી, વિદ્યાવતી, નીતિવતી અને ધર્મવતી છે, તેનાં બાળકો માનવ દેહધારી માતાને ખોળે

નહિ પણ સાક્ષાત પૂર્ણબ્રહ્મ ભગવતીને ખોળે બેઠાં છે એમ સમજવું !!

૫૧

દુનિયાદારીનાં બધાં કામોમાં બાળકેળવણીનું કામ ઘણુંજ કઠિન અને જોખમ ભરેલું છે. તે કામ સ્ત્રીઓથી જ સારૂં બજાવાય છે. અજ્ઞાનરૂપી અંધકારમાં ડૂબેલી અબળા પોતાનાં સંતાનોને અંધકારના જ કૂપમાં નાંખે છે, અને તેની જીંદગી બગાડે છે. કેળવાયલી, સમજુ, પ્રેમી, દયાળુ, સહનશીલ, મધુરવચની અને વિવેકી સ્ત્રી પોતાના ડહાપણથી કુટુંબને સુધારે છે, અને બાળકને કેળવીને ગુણવાન બનાવે છે,—વ્યવહારિક કાર્યોમાં કુશળ કરે છે, અને સઘળી રીતે સંસાર ભોગવવાને લાયક બનાવે છે.

૫૨

આખી સ્ત્રીજાતિનું કર્ત્તવ્ય છે કે, સૌએ પોતાનાં મન, વાણી અને કર્મ વડે પતિનું હિત કરવું, મનની નિર્મળતામાં પતિને નહવરાવીને પવિત્ર કરવો, વાણીની મધુરતા વડે અથવા મુખમાંથી નીકળતાં અમૃત વચનો વડે પતિનાં સઘળાં દુર્ગુણ રૂપી દરદો દૂર કરવાં અને જેમ બને તેમ પતિનું હિત કરવા હર ઘડી તત્પર રહેવું. આ પ્રમાણે સર્વ સૌભાગ્યવતી સ્ત્રીઓએ વર્ત્તવું જોઇએ. એ પ્રમાણે વર્ત્તનારી પત્નિને કયો સમજુ પતિ અંતઃકરણપૂર્વક પોતાની પ્રાણેશ્વરી નહિ માને! અને કયો મૂર્ખપતિ તેના ઉપર દયા નહિ લાવતાં,—પ્રેમ ભાવથી નહિ જોતાં ઉલટો તેને દમશે! જો તેવો કોઇ હોય, તો તે તેનો પતિ નથી; પણ બિચારી પતિવ્રતાને પતિ રૂપે વિપત્તિ જ કપાળે ચ્હોંટી છે એમ સમજવું. તેવો પતિ, તેને મળેલી

પવિત્ર હૃદયની પતિવ્રતા સાધવી સ્ત્રીનો પતિ કહેવડાવવાને લાયક જ નથી એમ સમજવું.

૫૩

જે સ્ત્રી રાત્રિદિવસ મનમાં સારા જ વિચારો કરે છે, જે સ્ત્રીની વાણી સત્યતા અને મીઠાશથી જ ભરેલી છે, જે સ્ત્રી આનંદી અને માયાળુ છે, જે સ્ત્રી હમેશાં પરમેશ્વરનું સ્મરણ કરે છે, જે સ્ત્રી પોતાના પતિને વહાલી છે, જે સત્યવતી છે, જે શીળવતી છે; તે સ્ત્રીને શાની ન્યુનતા છે? પુત્રપુત્રીઓને અને લક્ષ્મીવૈભવને શું કરવાં છે? તે સઘળાં આત્માનું ઇષ્ટ નહિ પણ અનિષ્ટ કરનારાં જ છે.

૫૪

પુરૂષો પોતાથી બનતા પ્રયત્નો કરીને સ્વદેશી સ્ત્રીપુરૂષોની ઉન્નતિના ઉપાયો કરે છે. કેળવાયલી સ્ત્રીઓએ વધારે. નહિ તો પોતપોતાની ઉછરતી પ્રજાને (સંતતીને) તનમનની યથાસાધ્ય કેળવણી આપવા માટે રાત્રિદિવસ વિચાર અને પ્રયત્નો કરવા ઘટે છે. સ્ત્રી જાતિની ઉન્નતિ માટે પુરૂષો પ્રયત્ન કરે છે, એ શાણી, સમજુ અને કેળવાયલી સ્ત્રીઓ સારી રીતે સમજે છે. તેમને ઘટારત છે કે પુરૂષોના તે કામમાં તેઓએ પોતપોતાની શક્તિ મુજબ મદદ આપવી. પુરૂષ આવી બાબતમાં પ્રયત્નો કરી ઘટિત દેશસેવા બજાવતો હોય, તેમાં સ્ત્રીએ તેને મદદ નહિ આપતાં, તેના પ્રયત્નોમાં ખલલ પોહોંચાડનાર વિઘ્નો નાંખવાં, અથવા આવેલાં વિઘ્નો દૂર કરવા પતિને મદદ ન કરવી એ કેટલું અફસોસકારક અને અઘટિત ગણાય? એ બાબતમાં પોતાની અજ્ઞાનતા, અરૂચી કે અનાદરથી પતિને કેટલું સોસવું પડે તેનો ખ્યાલ કરવો જોઇએ. પુરૂષો કરતાં સ્ત્રીઓમાં દયા અને પ-

રોપકારબુદ્ધિ સ્વાભાવિક રીતેજ વિશેષ છે, તેનો ઘટિત ઉપયોગ કરવો એ શાણી સ્ત્રીઓનું મુખ્ય કર્ત્તવ્ય છે. આપણું હિત બીજા કોઇ શું કરી આપશે! એવો વિચાર, એવી હિંમત અને એવા પ્રયત્નો આ આર્યખંડની સ્ત્રીઓ ક્યારે કરશે? હજુ તો તેઓ પુરૂષે બતાવેલે માર્ગે જવાને પણ હિંમતવાન નથી. હવે કેળવાયલી, ડાહી અને સદ્ગુણી સ્ત્રીઓએ પોતાની સ્ત્રીજાતિની ઉન્નતિનું કામ ધીમે ધીમે પોતાના હાથમાં લઇને યથાસાધ્ય પ્રયત્નો કરવા ઘટેછે. ખરૂં જોઇએ તો હજુ સુધી પુરૂષો બન્નેનો બોજો ઉપાડે છે. બાળ કેળવણીમાથીજ સારી અપાય છે. તેમજ સ્ત્રીઓની ઉન્નતિ, કેળવાયલી સ્ત્રીઓના હાથથી વધારે સારી રીતે અને ઝડપથી થવાનો સંભવછે. કોઇ કોઇ સ્થળે સ્ત્રીઓ તરફથી આ કામની પેહેલ થઈ ચૂકી છે, એ ઓછું આનંદદાયક નથી. પોતાની સ્વદેશી સખીઓની કનિષ્ટ હાલત જોઇને તેમની વ્હારે ચઢનાર સારી સ્ત્રીઓને ધન્યવાદ ઘટે છે. જે સ્ત્રીઓએ આ બાબતને પેહેલી ધ્યાનમાં લીધીછે, તેને મોટી સાબાશી ઘટેછે, તેઓ પોતાનો પ્રયત્ન જારી રાખશે, અને તેમાં દિવસે દિવસે અધિક ઉમેરો કરશે, એવી આશા રાખવામાં આવેછે.

૫૫

પૂછડે પડેલી ગાયને બે ચાર જણ મળીને મ્હોટા મહેનતે બેઠી કરે, તેથી શું થયું? તે તરત જ પડી જવાની. તેવી જ રીતે પોતાની આખી સ્ત્રીજાતિમાં અજ્ઞાનતા રૂપી રોગ પેઠો છે, તે હવે પોતેપોતાના પ્રયત્નથી દૂર કરી શકે તેમ છે. જરૂર જેટલી બીજાની મદદ વડે તે રોગ દૂર કરી પોતે જાતે જ ટટાર થવું, એ સમજુ સ્ત્રીઓનું મુખ્ય કર્તવ્ય છે. એમ થશે ત્યારેજ દેશની ચ્હડતી થશે,—ત્યારેજ નવી પ્રજા સર્વથા સુખી થશે! અને ત્યારેજ ઘરખુણાનો અંધકાર દૂર થશે!

૫૬

અધુરો ઘડો છલકાય છે. અપૂર્ણ કેળવણીનું પણ એમજ થાય છે. નિરંતર આત્મજ્ઞાનથી, નીતિથી, અને સદ્વર્તનથી ચાલીને પોતાની ઉન્નતિ કરવાનો પ્રયાસ કરતાં અપૂર્ણતાનો દોષ દૂર કરી શકાય છે. કાળે કરીને શું નથી થતું? અડગ હિંમત અસાધ્ય સાધનો સાધે છે, પોતાની ઉન્નતિ ઇચ્છનાર, અને સતત પ્રયત્ન કરનાર જરૂર થોડા જ વખતમાં કૃતકૃત્ય થાય છે, અને તેના મનોર્થો સફળ થાય છે. સ્ત્રીઓની અજ્ઞાનતા એ આખી સ્ત્રી જાતિનું એક મોટું કલંક છે, તે દુર કરવું સેહેલું નથી. તેને માટે દુર્ઘટ પ્રયત્નો કરી સ્ત્રીઓએ જ તે કલંક દૂર કરવું જોઇએ.

૫૭

ઉજળાં અને કીંમતી વસ્ત્રાલંકારોથી પતિ વશ થતો નથી; પણ સદ્ગુણના અલંકારો સજવાથી તે તરત વશ થાય છે. મીઠાં ભોજનો જમાડવાથી પતિ વશ થતો નથી; પણ મીઠાં વચનો બોલવાથી પતિ વશ થાય છે. બળથી પતિ વશ થતો નથી; પણ કળથી,—આવડતથી વશ થાય છે. પોતાનામાં માલ હોય, પોતે ખરૂં જ કંચન હોઇએ, તો પછી પતિ ગમે તેવો હોય;—લોભી હોય કે કપટી હોય, કુસંગી હોય કે કેફી હોય, તામસી હોય કે તસ્કર હોય, ક્રોધી હોય કે કંકાસિયો હોય; પણ જો પોતે જ સમજુ અને કુળવાન માબાપનાં સંતાન હોઇએ,—શુદ્ધ ખાપ હોઇએ તો એક કાચી ઘડીમાં ગમે તેવી પ્રકૃતિવાળા પતિને વશ કરી શકીએ! અંતઃકરણ માત્ર શુદ્ધ જોઈએ.

૫૮

પતિની કમાઈ ઓછી હોય તેથી શું થયું? હલકું અનાજ પણ સમારી સુધારીને રાંધનાર ખંતીલી સ્ત્રીની રસોઇ

માણસ ખંતથી,—ભાવથી જમે છે, તે રસોઇમાં તેને અતિશય સ્વાદ આવે છે; પરંતુ ખર્ચાળ સાહિત્યોવાળો ઉંચી જાતનાં અનાજનો બાફેલો બફલો કે ઢોરને આપવાના ખાણ જેવું બાફીને પીરસનાર કુભાર્યાની ખર્ચાળ રસોઇ કરતાં તે હલકી જાતના અનાજની પણ ખંતીલી ડાહી સ્ત્રીના હાથથી સંભાળ પૂર્વક રંધાયલી રસોઇ ઉત્તમ છે. તેજ સસ્તી રસોઇ શરીરને બળ આપે છે, આનંદ ઉપજાવે છે અને સર્વથા સુખાકારી છે; પણ પેલી ખર્ચાળ બફલો રસોઈ તન અને મન બન્નેને બગાડે છે.

૫૮

ઉત્તમ રસોઈ છતાં, બહારના કામથી થાકીને ઘેર આવેલો પતિ જમવા બેસે, તે વખતે જો કર્કશાનાં કઠોર કથન સાંભળવાનો પ્રસંગ હોય, તો તે મીઠી રસોઇ પણ અતિ દુઃખદાયક થઈ પડે છે. તે રસોઈ તેને પુષ્ટી નહિ આપતાં ઉલટી તેનું લોહી સૂકવી નાંખેછે. તે ઉત્તમ રસોઇ કરતાં મધુર–વચની માનિનીના મુખનાં મીઠાં વચનો સાંભળતાં સાંભળતાં કનિષ્ટ પ્રતિના અનાજની (ભલે કનિષ્ટ) રસોઇ હોય, પણ તે વિશેષ સ્વાદીષ્ટ થઇ પડેછે. તે રસોઇમાં કદાચ ખામી-ખોડ હોય, પણ તે જણાતી નથી. મીઠાં વચનોની કેવી ખૂબી છે ! આનંદમય મીઠાં વચનોની મધુરતા તે અનાજ જમતાં કોળીએ કોળીએ આવતી હોય છે, તેથી રસોઇનો સ્વાદ વધતો જાયછે, આનંદથી જમાતું જાયછે. કઠોર કથન ઉત્તમ રસોઇને કડવી વિષ સમાન કરી મૂકીછે. તે રસોઇ જમતાં ત્રાસ છૂટેછે, તેનો કોળીઓ મ્હોંમાં મૂકાતો નથી, અને મૂકાય છે તો ગળે ઉતરતો નથી. મીઠાં કથનો તેથી જૂદુંજ કામ બજાવે છે. મીઠાશની કીંમત ઘડીએ ઘડીએ શું કરવી? ગમે તેવી હલકા

પ્રકારની રસોઇ રંધાઇ હોય, અનાજ અને બીજાં સાહિત્યો ગમે તેવાં સાધારણ હોય તોપણ તેમાં મીઠાં કથનોનું મેળવણ તેને અમૃત સમાન બનાવે છે!

૬૦

આનંદી સ્વભાવ અને મીઠાં વચનોની સત્તા કેટલી છે? તેની સત્તા અગાધ છે. તે એવડું મોટું,–એવું સારું અને એવું મજબૂત કામ કરે છે કે, તેની શકિતનું માપ અથવા તેનું બળ કે સત્તા વધારેમાં વધારે કેટલાં છે, તેનું અનુમાન થયું નથી. મીઠાં વચનો એ વશીકરણ વિદ્યાનો પેહેલો અને ઉમદા મંત્ર છે! આનંદી સરળ સ્વભાવ, નીતિયુક્ત મીઠાં અને નમ્ર વચનો એ નારીજાતિનો સ્વભાવસિદ્ધ ઉત્તમ શૃંગાર છે! તે તેને પોતાને, પોતાના પતિને, બાળ બચ્ચાંઓને અને આખા કુટુંબને સુખરૂપ છે. એવી સાક્ષાત લક્ષ્મી સરખી પતિવ્રતા સ્ત્રી જે પુરૂષને મળી છે, તેનો અવતાર સફળ થયો છે,–તેના જીવતરને ધન્ય છે!

૬૧

કુતરી પોતાનાં કુરકુરિયાંને, સિંહણ પોતાનાં બચ્ચાંને, ગાય પોતાનાં વાછરડાંને; ચકલી પોતાના પોટાને, કુકડી પોતાનાં ઇંડાંને અને પછી બચ્ચાંને સેવે છે અને તેનું સર્વથા રક્ષણ કરેછે, તેમના ઉપર વહાલ આણેછે, પોતાનાં બચ્ચાંને કોઇ પરાયું કાંઇ ઇજા કરે, તો તત્કાળ તેમની માતા ધુરકી ઉઠેછે,—ચીડાયછે અને ગુસ્સે થાય છે, તે સંઘળાંએ જોયું હશે. પશુપક્ષીમાં માતાનો પોતાનાં બચ્ચાં ઉપર કેવો વાત્સલ્ય ભાવ,—કેવો સ્વર્ગીય પ્રેમ જોવામાં આવેછે! આમછે તો પછી આ દુનિયામાં સર્વોત્તમ પ્રાણી જે માનવજાતિ છે, તે દયાવાન, જ્ઞાનવાન, અને વિવેકવાન હોઇને તેમનામાં એ પ્રેમભાવ,—એ

ઉભરાતો વાત્સલ્યભાવ કેટલો ઉંચા પ્રકારનો હોવો જોઇએ! તે કહેવાની જરૂર નથી. અને છે પણ તેમજ. કુળવંતી માતાઓ પોતાનાં બાળકને પ્રસન્ન કરવા, રમાડવા, અથવા તેમનું જરા મુખ મલકાવવા કેટલા અને કેવા પ્રકારના પ્રયત્નો કરેછે! તે નજરે જોવાથી જણાશે. જનેતાના ઉંડા અંતઃકરણમાં ઉભરાતો એ ખરો ભાવ, કેટલી કીંમતનો છે! એ પ્રેમભાવની કીંમત આંકવી એ મનુષ્ય પ્રાણીની અક્કલનું કામ નથી. માતાના વાત્સલ્ય પ્રેમની કીંમત કરોડો સોનામોહોરોથી પણ અધિક છે! તેનો ખરો ખ્યાલ પુરૂષ જાતિથી અથવા અપૂત્રવતી (વંધ્યા)થી થઇ શકે તેમ નથી. જનનીના હૃદયમાં વહેતું પ્રેમવહન, માણસની જીંદગીનું ઉમદા કુસુમ છે! સ્વર્ગીય ખુશબો છે! પ્રેમાળ માતાના હૃદયમાં ઉભરાતો વાત્સલ્યભાવ ભાગ્યવાન બચ્ચાંઓને દેવતાઇ બક્ષીસ છે! વિધાતાનું અવિચળ વરદાન છે! કુળવંતી માતાઓ પોતાનાં બાળકની સાથે બાળક બની જાય છે, તેના જેવું કાલું કાલું બોલે છે, બાળકને હસતું જોવાને અને તેને કેળવવાને માતા વિવિધ પ્રયત્નો કરે છે. આવે વખતે માતાના હસતા મુખારવિંદમાં જે દિવ્ય પ્રેમભાવ રહેલો છે, તે આ દુનિયાના સઘળા પ્રકારના પ્રેમ કરતાં ચઢતા દરજ્જાનો છે. આ દુનિયાનો કોઇ પણ પ્રેમ, એ પ્રેમની સરખામણીમાં મૂકી શકાય તેમ નથી. આ પ્રેમ એક અનન્ય જ્યોતિ છે! આ નમુનેદાર પ્રેમનું ચિત્ર આ દુનિયાના કોઇ પણ ચિત્ર કરતાં વધારે ચિત્તાકર્ષક, સુખકારક અને ખુશકારક છે. એવી સાક્ષાત પ્રેમજ્યોતિ સમાન, જનેતાનાં સંતાનો આ દુનિયામાં ખરેખર ભાગ્યવાન છે!

૬૨

કાન્તા પતિના સુખદુઃખની ભાગિએણ છે, સંકટ સમયે સાચો સલાહકાર છે,—સન્મિત્ર છે, દુઃખને વખતે મનોરંજક

સંગીત છે, કેવી આશ્ચર્યજનક વાત છે કે હુશિયાર કવિની કવિતા દુઃખને વખતે જે કામ ન કરી શકે, તે કામ તેવે વખતે કમળવદની કાન્તાનાં કથનો તરત કરી શકે છે! બીજા બોલમાં કહીએ તો કાન્તાનાં કથન જીવતી કવિતા છે. કાન્તની સઘળા પ્રકારની ઉદાસિનતા દૂર કરવામાં કાન્તા સઘળી રીતે અનુપમ ઇલાજ છે. કાન્તા આ સંસારરૂપ નાટકની નટી છે! કાન્તા પોતાના સ્વર્ગીય ગાન કે અલૌકિક કાવ્ય સરખાં કીંમતી કથન વડે કાન્તને સહજમાં વશ કરે છે. તે પોતાનાં કથનરૂપી દોર ઉપર પોતાના કાન્તરૂપી નટને મરજી માફક નચવે છે! રંગ છે એવી કાન્તાનાં સમર્થ કથનને!

૬૩

દુરાચારી પતિને ઠેકાણે લાવવામાં કાન્તા ઉત્તમ ઉપદેશક છે. બીજા કોઈનો ઉપદેશ વધારેમાં વધારે જેટલી અસર કરે, તેના કરતાં ઘણીજ વધારે અસર કરનાર પણ કાન્તાનો ઉપદેશ જ છે. છેક ભ્રષ્ટ થયેલા પતિની મતિ સુધારનાર ઉત્તમ વશીકરણ કાન્તાની વિમળ વાણીમાં રહેલું છે. કદિ ન ખસે એવા દુરાચાર, ભ્રષ્ટ દુર્વિકાર, કુટિલ કુમિત્રો, વિનાશકારક વિચારો અને પ્રાણઘાતક દુર્વ્યસનોથી પોતાના પતિને બચાવનાર કે દૂર રાખનાર પ્રમદાને ધન્ય છે! તેજ ખરી અને સમર્થ પતિવ્રતા સ્ત્રી સમજવી. વચનરૂપી વશીકરણ ધારણ કરનારી, અને તેનો સદુપયોગ કરનારી, વિજયવતી વનિતાને સાબાશ છે!

૬૪

ચાલતી જમાનાનાં નાજુક નરનારીઓના મનમાં લાજમર્યાદા તો એક બોજારૂપ થઇ પડી છે! તેમના સમજવા પ્રમાણે લાજમર્યાદા એ એક મશ્કરીનું સરસ સાધન થઇ પડયું

છે ! સુધરેલા જમાનાની આ કેવી ફજેતી ! એકની થયેલી ભૂલ, બીજાની હવે પછી થનારી ભૂલને પુષ્ટિ આપે છે,—ઉશ્કેરે છે ! જમાનો પોતે ભૂલને છુપાવે એવી આ જમાનાની વિચિત્ર ખૂબી છે ! લાજમર્યાદ ને અપમાન મળે છે, અને અમર્યાદ ઉછાંછળાપણાને સિંહાસન મળે છે ! અપૂર્ણ જ્ઞાનવાળી અબળાઓ ભોળપણથી અને કુસંગથી લાજ મૂકી અકાજ કરે છે ! કુવચન ઓચરે છે ! કુમાર્ગે વિચરે છે ! અને મુરબ્બીઓની મર્યાદા મૂકે છે ! આ પણ એક જમાનાની જ ખુબી છે ! ઉચ્ચ કુળની ઘણી વહુબેટીઓમાં મર્યાદા મૂકીને ગમે તેમ વર્ત્તવાની ઉંધી ઘેલછા, અવળી સમજણ અને ઉછાંછળા વિચારો વિસ્તર્યા છે ! ઘણાક માણસો એ દોષ સ્ત્રીકેળવણીની પદ્ધતિને માથે મૂકે છે; પણ કેવળ તેમ નથી. અલબત સ્ત્રીકેળવણી જોઇએ તેવી અપાતી નથી, અને તેથી જ અપૂર્ણ કેળવણીનાં કોઇ કોઈ માઠાં પરિણામ નજરે પડે છે ! એમાં સ્ત્રીકેળવણીની પદ્ધતિનો જેટલો દોષ છે, તે કરતાં નઠારી સોબતનો, અને અજ્ઞાન, બેદરકાર, ભોળાં, વિશ્વાસુ માબાપોનો કે મુરબ્બીઓનો દોષ વધારે છે. ઘરનો ભોભો અથવા લાજઆબરૂ સ્ત્રીઓની મર્યાદામાં રહેલી છે ! મર્યાદામાં રહી મર્યાદશીલ માનનીઓ ઘરનું બંધારણ મજબૂત કરી શકે છે. મોટાઇનો કે લાજમર્યાદાનો ખોટો ડોળ ઘાલવો એ ધિક્કારને પાત્ર છે; પરંતુ મર્યાદશીલ સ્ત્રી એ ઘરની મોટાઇ છે ! તેજ ગૃહિણી કે ગૃહરાજ્યની રાણી છે,—શોભા છે,—શૃંગાર છે,—તેજ છે,—બંધારણ છે અને બળ છે !

૬૫

સુધારો કંઇ એમ નથી કહેતો કે લાજમર્યાદા મૂકી ગમે તેમ વર્ત્તવું. સુધારો એમ કહેવા નથી માગતો કે માણસો

છચોક દુરાચરણુ આચરે. આ તો એમ છે કે સુધારાને નામે સ્વચ્છંદી વર્ત્તણુક ચલાવવાને નીચ વૃત્તિના માણસોએ ગમે તેમ ફરતા હરવાની, બોલવા ચાલવાની અને વર્ત્તવાની કુંચી તરીકે કેવળ બહાનું શોધી કહાડયું છે. મર્યાદામાં વર્ત્તનારી સુધરેલાં શાણી સ્ત્રી સ્વતંત્ર જ છે,—છૂટીજ છે! કેમકે તે ઘરનો કારભાર એવી રૂડી રીતે અને ઝીણી બુદ્ધિથી ચલાવે છે કે, આખું કુટુંબ તેને આધીન રહે છે! તે સ્ત્રી એક રાજ્યની મહારાણી સરખી શોભે છે, અને શાન્તિથી ગૃહકારભાર ચલાવે છે. આથી વધારે સારી કે ઉંચા પ્રકારની સ્વતન્ત્રતા, સ્ત્રીઓને કઇ જોઇએ! વધારે સુખ આથી બીજા કેવા પ્રકારની સ્વતંત્રતામાં જઈ વસ્યું હશે!

૬૬

સ્વચ્છંદી વર્ત્તણુક એ સુધારો નથી; પણ સુધારાને નામે ઓળખાતો મહા આડંબરવાળો હડહડતો કુટિલ કુધારો છે. મોટાં રાજ્યો અને રાજ્યાધિકારીઓ સ્વચ્છંદીમાં પાયમાલ થયાં છે. સ્વચ્છંદી વર્ત્તણુક એ પ્રથમ આંબાઆંબલીની ઉંચી ટોચો બતાવીને પાછળથી હરકોઇનું ગમે તેવું ઉંડું ગયેલું મૂળ ઉખેડી નખનાર અને ભટકતો ભિખારી બનાવનાર એક પ્રકારનું દીવાનાપણુ છે. પણ એથી ઉલટું કંગાલિયતવાળી લાજમર્યાદા ધીમે ધીમે ઉંડાં મૂળ ઘાલી, તથા દોહિલા દિવસો દૂર કરીને પરિણામે વિજયવૈભવનો તેજદાર અને ઝળાંમળાં કરતો સત્કીર્ત્તિનો રાજદરબાર અપાવે છે! સુખને સિંહાસને બેસાડે છે! અને મનુષ્ય જીંદગીનું સાર્થકકુસુમ હાથમાં આપે છે! આ બેમાં ખરૂં કંચન અને કથીર ઓળખવું એ જ મોટી વાત છે, કેમકે તેના આડો અજ્ઞાનતાનો કાળો પડદો બહુ ઘાડો હોય છે, આછો પાતળો હોતો નથી. એ તેવે પ્રસગે

સ્પષ્ટ સમજાય છે. આ બેમાંથી કંચનનો કે કથીરનો હાર પેહેરવો એ વાંચનાર સુજ્ઞ સ્ત્રીઓના અધિકાર અથવા યોગ્યતા અને મુનસફી ઉપર મૂકીએ છીએ.

૬૭

મારૂં કહેવું એમ નથી કે સ્ત્રીઓએ બંધનમાં રહેવું, ઘરનાં કોઇ વડીલ માણસની સાથે સ્ત્રીઓને ફરવાહરવામાં અડચણ નથી. સ્ત્રીઓએ ઘરમાં ગોંધાઇ રહેવા કરતાં પ્રસંગોપાત ઘરની સ્ત્રીઓ કે બાળકો સાથે દેવદર્શન વગેરે સ્થળે જવાનો આપણા લોકોમાં સાધારણ રિવાજ છે, તે કોઈ તોડતું નથી. તે તૂટવાનો નથી, અને તોડવાથી ફળ પણ નથી; પરંતુ દેવદર્શનને નામે જે અનાચાર થાયછે, તે સ્ત્રીઓની અધમતાનાં અનેક કારણોમાંનું એક કારણ છે. ધિક્કાર છે તેમનાં એ દેવદર્શનને! અને વધારે ધિક્કાર છે એવી એબ લગાડનાર છીછરી, કુલટા સ્ત્રીઓની ભ્રષ્ટ મનોવૃત્તિ જાણ્યા વગર,—સમજ્યા વગર તેમને છુટ આપનાર આ જમાનાના શોખીન સુધરેલાઓને!! ઘણાં કુળવાન, લક્ષ્મીવાન અને વિદ્યાવાન કુટુંબોની વહુબેટીઓની સાંભળી ન શકાય એવી બેશરમ વાતો ઠામ ઠામ ચાલી રહેલી જોવામાં આવેછે! તેમના ઘરના કુતરાઓ જ તેમનું ખાઇને ખોદેછે,—તેમના કુટુંબને બગાડે છે અને પછી ઉઘાડું પાડેછે! ખરૂં છે કે તેમનામાં, તે કુટુંબમાં સુધારો કરવાની સન્મતિ, સામર્થ્ય કે બુદ્ધિબળ હોતાં નથી,—અને હોય પણ ક્યાંથીજ! અફસોસ! "મોટાં ઘરોમાં સો મણ તેલે અંધારૂં" એ શબ્દો ઠામ ઠામ લોકોની બત્રીશીએ ચઢેછે. તોપણ મહારાજા ઘરઘણીના કાચા અને વળી કાજગરા કાનમાં તેનો અવાજ,—તેનો એક શબ્દ પણ, સાંભળવામાં આવતો નથી! આવી છૂટ ભોગવનાર, માગનાર અને આપનારને અમારે શું કહેવું! શરમ! શરમ!!

છુટ કોને હોય? ક્યારે હોય? કેવી અને કેટલી હોય? ખરૂં જોઇએ તો જેને છુટનો અધિકાર છે અથવા જે સ્ત્રી જેને લાયક છે, તે સ્ત્રી તેનો તેટલો ઉપયોગ કરવાને પૂરી ફુરસદ પણ મેળવી શકતી નથી. ઘરકામમાં, બાળબચ્ચાંની સંભાળમાં, પતિની સેવામાં, કામની વ્યવસ્થા કરવામાં અને બની શકે તેટલું પુસ્તકોની મારફતે જ્ઞાન મેળવવામાં તે એટલી બધી મશગુલ હોય છે,—એટલી બધી ગુંથાઇ ગઇ હોય છે, કે તેમાંથી ઉંચું માથું કરવાની પણ તેને ફુરસદ મળતી નથી, બૈરાંશાસ્ત્રના ગપ્પાષ્ટક અધ્યાયની વાતો કરવાને તેને નવરાશ હોતી નથી, હાસ્યવિનોદ કે કુથલીનો અવસર મળતો નથી, આવી સ્ત્રી ક્યારે હક્ક માગવા કે ફરવા હરવા નીકળે! ઉપર કહ્યું તેમ કામમાં જ મંડયા રહેવું અને જરા વાર પણ છુટો પગ ન કરવો એમ અમારૂં કહેવું નથી; પરંતુ અમે એમ કહેવા માગીએ છીએ કે સ્ત્રીઓ પોતે પોતાનું કામ, અથવા ગૃહકારભાર ચલાવવામાં મશગુલ રહે, એમ અમે ઇચ્છીએ છીએ. ગૃહસ્થની સ્ત્રીઓ નોકરો પાસેથી કામ લઇને રાત્રિદિવસ પડી જ રહે છે, જેના પરિણામે શરીર રોગીષ્ટ અને નબળું થઈ જાય છે, મન ભ્રષ્ટ થાય છે, બુદ્ધિ બગડી જાય છે! ઘણે ભાગે ગૃહસ્થોની સ્ત્રીઓ માંદી, અશક્ત, અને બેચન રહે છે, તેનું મુખ્ય કારણ તનને અને મનને કામમાં નહિ રોકતાં માત્ર રાત્રિદિવસ પડયાં પડયાં જ કહાડવામાં આવે છે, તેજ છે. આથી સર્વદા સર્વથા તેમને વગર દુઃખે દુઃખ ભોગવવું પડે છે! અને વિવિધ ફરિયાદો ઉઠાવવી પડે છે!

૬૯

છુટનો જેને જેટલો અધિકાર હોય છે, અથવા જે માણસ જેટલી છુટને લાયક છે, તેને તે વખતે તેટલી છુટ મળે જ છે. કોઇપણ કામની લાયકી કે યોગ્યતા મેળવનાર સ્ત્રી તે

કામની અથવા અધિકારની ઉમેદવાર થઇ શકે છે. લાયકી વગર મળેલો અધિકાર ઉંધો વળે છે,—તેનો તેનાથી ગેરઉપયોગ થાય છે. વિદ્યા, લક્ષ્મી અને અમલ એ ત્રણમાંનું એક કે એકથી વધારે, લાયકી વગર છાજતું નથી,—શોભતુ નથી,—ટકતું નથી. જે વાસણનું જેટલું માપ હોય, તેમાં તેટલા જ પ્રમાણનો પદાર્થ સમાય છે; વધારે નાંખવાથી સમાતો નથી, તેમ છતાં વધારે નાંખીએ તો કાંઇ વિપરીત બને છે, માટે સો વાતની એકવાત જેને જેવા થવાની, દેખાવાની કે કહેવડાવવાની ખરી ઇચ્છા થતી હોય, તો તેમણે તેવા ગુણ મેળવીને સર્વનો વિશ્વાસ બેસાડવો જોઇએ, એથી તે જરૂર ફતેહ પામશે. એવો કુદરતનો ઉમદા અને અચળ નિયમ છે. લાખેણી લાજઆબરૂ લુટાવનાર નિર્લજ નારીઓ છુટ માગવા નીકળી પડતા પેહેલાં શું વિચારતી હશે? ધિક્કાર છે એવી બેઅદબ નારીઓને! તેના નામને, અને તેની માગણીને!

૭૦

ધર્મ, કર્મ કરતાં અને સદ્વૃત્તિ તથા સદાચરણ આચરવા કરતાં દેવદર્શન વધારે કીંમતી નથી. સદ્વર્ત્તનથી જ દેવદર્શન શોભે છે,—ફળે છે. ભ્રષ્ટ વિચારોથી કરેલાં દેવદર્શન નિષ્ફળ છે. મલિન વિચાર વાળી સ્ત્રી બીજાં ગમે તેટલાં સત્કાર્ય કરે; પણ તેનાં તે સઘળાં સત્કાર્ય નિષ્ફળ જાય છે. ભ્રષ્ટ વિચારથી દેવદર્શન કરનારી સ્ત્રીઓ નારી નામને એબ લગાડનાર છે! એવી સ્ત્રીઓની સોબત સર્વથા ત્યજવા યોગ્ય છે!

૭૧

જે સ્ત્રી પોતાની દૃષ્ટિએ ચઢેલા પર પુરૂષને સ્વભાવથી જ જુએ નહીં, પ્રાણાન્તે પણ કોપાયમાન થાય નહીં, સ્વામીની સાથે કદિ પણ ઉંચે સ્વરે બોલે નહીં, પોતાના હૃદયમાં પતિ સિવાય બીજા પુરૂષોને ચિંતવે નહિ, અને સર્વદા સર્વથા

પતિના જ હિતમાં જેનું મન લાગી રહેલું હોય, તે સ્વાભાવિક સતી જાણવી.

૭૨

પોતાનો પતિ આંધળો, કુબડો, કોઢીઓ કે બીજા કોઇ રોગથી હમેશાંની સ્થાયી પીડા ભોગવતો હોય; તથાપિ આપત્તિમાં આવેલા પોતાના પતિનો પ્રાણાન્તે પણ ત્યાગ કરે નહીં, તે મહાસતી જાણવી. સ્ત્રીઓને નીતિ ધર્મ પરમ ગતિએ પહોંચાડનાર છે. આથી વિરૂદ્ધ રીતે વર્તનાર અથવા અધર્મ આચરનાર સ્ત્રીની અધમ ગતિ થાય છે. તેનો આ ઉત્તમ મનુષ્યાવતાર એળે જાય છે.

૭૩

દુષ્ટકર્મો કરનાર, લોકોને પીડા કરનાર, નામર્દ, પ્રપંચી અને દુરાચારી કુપુત્રને ધારણ કરનાર, જન્મ આપનાર અને ઉછેરનાર તેની નીચ જનેતાને ધિક્કાર છે! તેઓ પોતાની કુખે તેવા કુપુત્રોને જન્મ આપવા કરતાં પથ્થરને જન્મ આપે એ હજાર દરજજે ઉત્તમ છે! એવી માનવજાતિની જનની કરતાં પશુજાતિની જનની સો ગણી સારી છે! પશુજાતિની જનેતાઓ કરતાં માનવજાતિની એવી જનેતાઓમાં શું વધારે સારૂં છે! તેમના કરતાં પશુજાતિની જનેતાઓ જનસમુહને વધારે હિતકારક છે! ગાયો, ભેંસો, આદિ પશુમાદાઓ તેમના કરતાં જરૂર વધારે કલ્યાણકારી છે! તે જ દુનિયાને વધારે ઉપયોગી છે!!

૭૪

જેના પુત્રોએ શરણાંગતનું રક્ષણ કર્યું છે, જેના પુત્રોએ સત્યને માટે માથાં આપ્યાં છે, જેના પુત્રોએ ન્યાયની ખાતર,–પરમાર્થની ખાતર ધર્મયુદ્ધ વહોરી લીધાં છે, અને જેના બહાદુર પુત્રોએ રણમાં સામે પગલે અડગ હિંમતથી

ઝૂઝીને દુષ્મનોમાં પોતાની ચળકતી શમશેર ચલાવીછે, જેના પુત્રો દેશની ખાતર,—પોતાના વ્હાલા સ્વદેશી બંધુઓની ખાતર રણક્ષેત્રમાં લડવામાં પાછી પાની નહી કરતાં યુદ્ધમાં જ પડયા છે, જેના શૂરવીર પુત્રો કુટુંબકબીલાની કે રાજ્યવૈભવની, રૂપવતી રમણીની કે અમુલ્ય જીંદગીની કંઇપણ દરકાર રાખ્યા વગર ગમે તેવા અણીના સમયમાં પણ—માથાં આપવાને અને લેવાને—રણુ સંગ્રામને મોંખરે ભર યુવાવસ્થાની તુચ્છ પણ રંગીલી સુખદ્ લહરી ભોગવવાની કંઇપણ લાલચ રાખ્યા વગર રણધીર થઇ ઝૂઝયાછે,—એવા વીર પુરૂષોને ધારણ કરનારી, શમશેરબાજ અડગ બહાદુરોને જન્મ આપનારી સાક્ષાત જગતજનની સમાન શોભતી વીરાંગના નારીને હજાર વાર ધન્ય છે !!

૭૫

પ્રાણી માત્રમાં મનુષ્યજાતિને જ્ઞાન એ મોટામાં મોટી ઇશ્વરી બક્ષીશછે. થંડું કે ગરમ, સુખ કે દુઃખ, સારૂં કે નઠારૂં, માન કે અપમાન, ઇત્યાદિની સારી કે નઠારી અસર નાનાં અજ્ઞાન બાળકને પણ થાયછે. અને પશુ, પક્ષી, આદિને પણ તેની ઓછી કે વત્તી અસર થાયછે, ત્યારે ઉચ્ચ નીચમાં ભેદ શો! મનુષ્ય પ્રાણીમાં જે જ્ઞાન છે, તે અમુલ્ય વસ્તુછે, માણસમાં અને બીજા પ્રાણીમાં એ જ મોટો ભેદછે. જ્ઞાન જેવી અમુલ્ય વસ્તુની બક્ષીશ જે ઓછા વત્તા પ્રમાણમાં માણસ જાતિને મળીછે, તેનો કેળવણીથી જેમ જેમ ઉંડો સંસ્કાર થતો જાય, તેમ તેમ માણસ, માણસ બનતું જાય છે. નાનું અજ્ઞાન બાળક પ્રથમ માતાની શાળામાં કેળવાય છે. માતામાં જેવું અને જેટલું જ્ઞાન હોય, તેના પ્રમાણમાં તે જ્ઞાનની છાપ બાળકના ઉછરતા અંતઃકરણ ઉપર પડે છે. માતા પોતાના બાળકને જેવું કરવા ધારે, તેવું તે થઇ શકે છે. આ ઉપરથી સમજાય છે કે, બચ્ચાંના

ભવિષ્યનું કે નસીબનું કામ માતાને જ સોંપાયલું છે. બાળકના સારા નઠારા જીવનનો આધાર તેની માતા ઉપર જ છે. માટે તેની ખરી વિધાતા તેની માતા જ છે, એમ સમજવું. આ ઉપરથી હવે જનેતાને માથે કેવું મોટું ભગીરથ કામ અથવા કેટલો મોટો બોજો રહેલો છે, તે કહેવાની જરૂર નથી. જે માતા પોતાની ફરજ,—પોતાનું આવું મહાન કર્ત્તવ્ય સમજતી નથી, તે જનેતા પોતે પોતાને જનેતા અથવા માતા કહેવડાવવાને લાયક નથી. પોતાના કામનાં લાયક બનીને ખરી ફરજ બજાવવી, એ જનેતાનો પરમ ધર્મ છે! અજ્ઞાન બાળકરૂપી કુમળા છોડને ઉગતી સ્થિતિમાંથી જ સારી હાલમાં લાવનાર ઘરરૂપી વાડીનો પ્રવિણ માળી,—અનન્ય શિક્ષક કેળવાયલી પ્રમદા જ છે!

૭૬

જે માતાએ બાળકને રૂડી રીતે કેળવીને લાયક બનાવ્યું છે, તેણે પોતાનું જનેતાપણું સાર્થક કર્યું છે. સારી માતાનાં બાળકો સંસારમાં સત્કાર્યો કરીને રૂડી નામના મેળવે છે; પરંતુ અજ્ઞાન અથવા પોતાની મહાન ફરજ નહિ સમજનાર માતાનાં અજ્ઞાન બાળકો નઠારી સોબતમાં પડીને સંસારમાં અધર્મનાં કર્મો કરેછે, અજ્ઞાન રહેછે, અને અપકીર્તિ મેળવેછે, એટલુંજ નહિ પણ તેઓ તેની જનેતાની કુખ લજવે છે! તેમની માતાઓને આ કંઇ ઓછું શરમાવાનું નથી!

૭૭

સુખ દુઃખ એ શું છે! ઘણી સ્ત્રીઓ સુખ દુઃખ શામા રહેલું સમજે છે? કોઇ સ્ત્રી, પુત્રપુત્રીઓવાળા પુષ્કળ પરિવારને સુખ માને છે, તો કોઈ ભાવતાં ભોજન ઈચ્છા મુજબ મળે, તેને સુખ માને છે; કોઇ રાત્રિદિવસ પડયા રહેવું અને નિદ્રામાં ઘોરવું તથા કામકાજથી છુટા રહેવું તેને સુખ માને

છે, તો કોઈ હરવા ફરવામાં, સારાં સારાં વસ્ત્રાલંકારો પેહેરવામાં અને અમનચમન ઉડાવવામાં સુખ સમજે છે; કોઇ સ્ત્રી પોતાના ઘરમાં પોતાનો કુલ અધિકાર હોય, પોતે કરે તેમ જ થાય, તેમાં સુખ સમજે છે, તો કોઈ પોતાનું શરીરસુખ, નિશ્ચિન્તપણું અને જેમ બને તેમ જંજાળ કે ગૃહભાર ઓછો હોય તેને-જ સુખ માને છે. આવી રીતે જેના મનમાં જેવી ઇચ્છા અને અને મનમાં જેવી મોટાઇ કે હલકાપણું તે પ્રમાણમાં સર્વે સુખ માની લેછે. પોતાના મનની ઇચ્છા પૂરી પડવામાં જેટલી ખામી રહે, તેટલું તેઓ દુઃખ સમજે છે. ઘણી સ્ત્રીઓ એવા નબળા મનની જોવામાં આવેછે કે, પોતાના મનની ઇચ્છા જ્યાં સુધી પૂરી ન પડે ત્યાંસુધી તેનું અંતઃકરણ બળ્યા કરેછે, તેનું ચિત્ત ચરચર દાઝે છે, અને તે રાત્રિદિવસ સોસાયા જ કરે છે. દાખલા તરીકે કોઇ સ્ત્રીને પુત્ર નહિ હોવાથી તે તેની જ જંખનામાં રહે છે, તેની જ વાતો કરે છે, તેમાં જ સમય ગાળે છે, તેમાં જ પૈસો ખર્ચે છે, રાત્રિદિવસ તેને જ માટે ઓશિયાળી જેવી દેખાય છે અને નિરંતર ઉદાસી ભર્યા જ ઉદ્ગારો કહાડે છે. તેવી સ્ત્રીઓ નથી જાણતી કે એ વાત કુદરતને આધીન છે, પતિપત્નિના શરીરનાં બંધારણ ઉપર તે આધાર રાખે છે. ખરું જોઇએ તો મનની જંખના, આશા, લાલના કે લાલચ એ જ દુઃખ છે. મનને તેવા વિકારોથી વિંટલાવા નહિ દેતાં, સમાન ભાવથી સમય વિચારીને વર્ત્તવું અને સુખ દુઃખ બન્નેને સમાન ગણવું એ જ મનની મોટાઇ કે મનનું વશીકરણ છે. સઘળાં માણસોથી તેટલે દરજ્જે બની શકતું નથી; પરંતુ સુખમાં અતિશય રાચવું નહિ, અને દુઃખમાં અતિશય ઉદાસી થવું નહિ, એટલું તો સઘળાથી બની શકે તેમ છે. આ રીતે મનની મોટાઈથી વર્ત્તવું તેને જ આપણે સમાન ભાવ કહીએ. જે સ્ત્રીઓ સમાન ભાવથી વર્ત્તતાં શીખે છે, તે સદા સુખી થાય છે.

૭૮

ઘરના સ્ત્રીમંડળમાં કંકાસ એ ઘરની શોભા, સંપત્તિ અને સુખ ઘટાડનાર છે, સર્વેને દુઃખી કરનાર છે. ગૃહરાજ્યમાં જે લડાઈઓ થાય છે, તે ગામગિરાસ વેહેંચવા બાબતની હોતી નથી, મોટી મિલકતોની વેહેંચણી કરવા સંબંધે હોતી નથી; પણ તે લડાઇઓ કેવળ નજીવાં કારણોથી થતી હોય છે, અને જો તેની ખરી તપાસ કરીએ તો કેવળ તેમની મુર્ખાઇ સિવાય તેનું બીજું ખરૂં કારણ આપણને હાથ લાગે નહિ. કેટલા અફસોસની વાત છે! જે ગૃહરાજ્યમાં લડાઇઓ અને કંકાસ નિરંતર ચાલુ હોય છે, તે ગૃહરાજ્યના દિવાન કે કારભારી સમાન આધિપત્ય ભોગવતી તે ગૃહિણી તેના ઘરનો કારભાર ચલાવવાને કેવળ નાલાયક છે, એમ સમજવું. દીકરા કે વહુ-બેટીઓ, જેઓ પોતાથી નાની ઉંમરનાં અને દુનિયાનાં ઓછાં અનુભવી હોય છે; તથાપિ તેમના ઉપર પોતાનો કાબુ બેસાડીને અને પ્રેમસુત્રથી તેઓને બાંધીને સલાહ શાન્તિથી જે ગૃહિણી પોતાના ઘરનો કારભાર રૂડી રીતથી ચલાવી શકતી નથી, તેનાથી બીજું શું નીપજવાનું છે! તે સ્ત્રી બીજું શું સારૂં કરી શકવાની છે! જે ગૃહિણીમાં એવું ચાતુર્ય કે એવી કળા નથી તે ગૃહરાજ્ય ચઢતી પંક્તિમાં આવવાનો શું સંભવ છે? એવા ઘરમાં હમેશાં અસંતોષ, અને દુઃખ જ દેખાય છે, દિવસે દિવસે ઘરની લાજઆબરૂ ઓછી થતી જાય છે, તેનું ઘરસંસારરૂપી નાવ ડુબવાનાં ભાવી ચિન્હો એક પછી એક પ્રગટ થતાં જોવામાં આવે છે અને સઘળી રીતે સઘળી તરફથી દુઃખમાં અને વિટંબણામાં આવી પડે છે. માટે નિરંતર કંકાસ એ કુટુંબનું બૂરૂં કરનાર એવો મોટો શત્રુ છે કે જેના જેટલું બુરૂં કરનાર બીજો કોઈ શત્રુ નહિ જ હોય!

૭૯

શરીરને હમેશાં કામે લગાડવાથી જેમ આરોગ્યતા સચવાય છે, અને વિવિધ પ્રકારના રોગથી મુક્ત રહેવાય છે, તેવી જ

રીતે ખાવાપીવામાં પણ સંભાળથી વર્તવાથી શરીર નિરોગી રહે છે. ઘણી સ્ત્રીઓને જ્યારે ત્યારે મ્હોમાં જે તે વસ્તુ ઘાલવાનો અને બકરીની પેઠે ચાવચાવ કરવાનો રિવાજ પડી ગયો હોય છે, એ પણ ઘણુંજ ખોટું છે. ખાવાપીવાની બાબતમાં એકજ મહાવાકય ધ્યાનમાં રાખવું બસ છે. "ખાન પાનને માટે જીંદગી નથી, પણ જીંદગીને માટે ખાનપાન છે." અર્થાત્ આપણે શામાટે જીવીએ છીએ? એ પ્રશ્નનો જવાબ ખાવા પીવા માટે જીવીએ છીએ એમ નહિ; પણ શા માટે ખાવું પીવું જોઇએ? એ પ્રશ્નનો જવાબ જીવતાં રહેવા માટે ખાવું પીવું, એમ, છે. મોટી દીલગીરીની વાત છે કે ઘણી સ્ત્રીઓના મનમાં આ વાત ઉતરતી નથી. તેઓ એમ સમજે છે કે, આપણે ખાવાપીવા માટે જ જન્મ્યાં છીએ. અને એટલા જ માટે જીવીએ છીએ. કેટલા અપસોસની વાત છે! જ્યાં જીંદગીનો હેતુ આવો માનવામાં કે સમજવામાં આવતો હોય ત્યાં પોતપોતાનું કર્ત્તવ્ય શું છે તેનું જ્ઞાન અને ભાન હોવાની આશા રાખવી એ કેવળ ફોકટ જ છે! વળી જ્યાં આવી સમજણ છે, ત્યાં પાછળ કહ્યું તેમ સુખ દુ:ખ સંબંધી ભૂલ ભરેલા વિચારો હોય એમાં શું આશ્ચર્ય! અને આવી સમજણવાળા ગૃહરાજ્યના દિવાન અથવા ગૃહિણીબાઇ, જ્યાં બિરાજતાં હોય, ત્યાં તે ગૃહરાજ્યની અને તેના કુટુંબરૂપી રૈયતની કેવી અવદશા હોય એ વિચારવું સેહેલું છે.

૮૦

જેમ પ્રવીણ પ્રધાનનો ઉજળો કારભાર અને દેખીતો ન્યાય છાનો રહેતો નથી, તેમ પ્રવીણ પ્રમદા કે હુશિયાર ગૃહિણીનો ગૃહ-કારભાર પણ છાનો રહેતો નથી. હુશિયાર કારભારીના અમલમાં રાજ્યની સારી પેદાશ, અદલ ન્યાય, રૈયતની સુખાકારી, રાજ્યનો બંદોબસ્ત અને સઘળા પ્રકારનો સુધારો તે રાજ્યમાં પગ મૂક-

તાં જ દેખાયછે, એટલું જ નહિ પણ દૂરથી પણ તે રાજ્યનો વિજય ત્રિજય જ બોલાય છે. તે રાજ્ય ગમે તેટલું નાનું કે ઓછી પેદાસનું હોય છે; તોપણ અંદર અને બહાર તેનું રાજતેજ છાનું રહેતું નથી. તેવી જ રીતે લાયક ગૃહિણીના ગૃહરાજ્યમાં,—તેના આખા કુટુંબમાં, પછી તે ગમે તેવું ગરીબ કુટુંબ હોય તોપણ તેમાં સર્વદા શાન્તિ શાન્તિ જ દેખાયછે, સર્વે આનંદથી પોતપોતાનું કામ બજાવેછે, અને સઘળા પ્રકારનું સુખ તેનું કુટુંબ ભોગવતું દેખાય છે એટલુંજ નહિ પણ બહારથી પણ તેની લાજઆબરૂ ફેલાયલી જોવામાં આવેછે. જેમ તેનું ઘર અંદરથી સુઘડ અને ઝળાંમળાં દેખાયછે, તેમ બહારથી પણ આનંદજનક, દેખાયછે. તેના ઘરમાં કચરો પૂંજો કે ભીંતે ડાઘા ડૂઘી તો હોય જ ક્યાંથી ! પણ તેના ઘરમાં એક પણ વસ્તુ પગે ખુંદાતી, મેલી કે વગર નિયમે ગોઠવેલી નજરે પડશે નહિ! તેના ઘરમાં દાણાદુણી, વાસણકુસણ, લૂગડાંલત્તાં કે બીજી પરચુરણ વસ્તુઓ એવી સરસ રીતે ગોઠવેલી હોયછે કે, તે ઘરમાં ગમે તેટલાં નાનાં મોટાં માણસો છતાં જે વસ્તુ આજે અમુક સ્થળે જોવામાં આવે તે વસ્તુ કાલે પણ તેજ સ્થળે જોવામાં આવેછે. આથી આખા કુટુંબને કેટલું સુખ અને વખતનો કેટલો બચાવ થાય છે, તે કહેવાની જરૂર નથી. એ રીતે વસ્તુઓની નિયમિત ગોઠવણથી બીજો પણ ફાયદો એ થાય છે કે, તે વસ્તુ વધારે મુદત પોહોંચે છે, તે વસ્તુને માટે કે તેના જેવી બીજી વસ્તુને માટે તરત તરત નાણાં ખર્ચવાં પડતાં નથી અને લાંબી મુદત સુધી તે વસ્તુ સારી સ્થિતિમાં રહે છે, જેથી મનને પણ આનંદ ઉપજે છે.

આવા શાન્તિમય સુઘડ ઘરમાં કોઇને ઉંચે સાદે બોલવાનું તો કયાંથીજ હોય! પણ એથી ઉલટું સઘળા માણસોની વાણીમાં એવી તો મીઠાશ હોય છે કે બહારના માણસોને તેના

ઘરનો આ દેખાવ અચંબો ઉપજાવે છે, બાળકોને વગર શિક્ષણે એવું ઉંચા પ્રકારનું શિક્ષણ મળે છે, તેઓ સંસાર-વ્યવહારનાં કાર્યોમાં એવાં તો કુશળ નિવડે છે કે તેનાં બાળપણમાંથી તેની જીંદગી સુધરી ગઇ હોય, અથવા તેનો જન્મ સફળ થયો હોય એવું ખુલ્લું દેખાઇ આવે છે. તેમનાં બાળકોનું બોલવું ચાલવું, અને સઘળા પ્રકારની રીતભાત જોઇને ઘરનાંને અને પરાયાં માણસોને તેમના ઉપર અધિક વહાલ ઉપજે છે. તેમની મીઠી ન્યાયી અને સભ્યવાણી સાંભળવાને સર્વેનાં મન આતુર રહે છે. તે બાળકોનાં શરીર ઉપરનાં ભારે કે હલકી કીંમતનાં વસ્ત્રો અને તેમનું નિર્દોષ વર્ત્તન એવાં સુઘડ, એવાં સુંદર અને એવાં મનોરંજક લાગે છે કે તે બાળક ખરેખર દીપી નીકળે છે! તેમની નાની ઉમરમાં તેમનામાં આવું ડહાપણ,—આવું શાણપણ કયાંથી આવ્યું હશે, અને કોણે નાંખ્યું હશે! એવો પ્રશ્ન ઉઠયા વગર રહે જ નહિ. તેના ઘરમાં કયું કામ કયારે થાય છે, કોણ કરે છે, કેવી રીતે થાય છે, અને કોના હુકમથી અમુક કામ અમુક વખતે થાય છે, તે જાણી પણ શકાતું નથી. આવું નિયમિત અને સંપૂર્ણ બંદોબસ્તવાળું ગૃહરાજ્ય કોને ન ગમે! આવા ગૃહરાજ્યમાં વસવારૂપ લ્હાવો લેવાને કોનું મન ન થાય! આવા ઘરમાંથી 'વિનયસભ્યતાએ અને લાજમર્યાદાએ ક્રોધને અને કુસંપને મારી કહાડયા હોય છે. તેના ઘરમાં શાન્તિ માતાનું સ્થાપન થયેલું હોય છે. એ માતાની મેહેરબાની વડે, તેની નિત્યપૂજા અને આરાધના વડે તેનું ગૃહરાજ્ય સર્વદા સુખમય દેખાય છે, જે ગૃહરાજ્ય શાન્તિથી ચલાવાય છે, તે ગૃહરાજ્ય સ્વર્ગભુવનની બરોબરી કરે છે, તેમાં વસનાર માણસો દેવતાઇ સુખ ભોગવે છે!

આવી ગુણવાન ગૃહિણીના ઘરમાં સઘળું કામકાજ વખતસર અને નિયમપૂર્વક ચાલે છે. સુવાનો, જમવાનો કે

હરકોઇ કામકાજ કરવાનો અમુક વખત અને અમુક નિયમ ઠરાવેલો હોય છે. દાખલા તરીકે સવારે સાતે કે સાડાસાતે બાળકોને દાતણ પાણી કરવાનો વખત મુકરર કરેલો હોય છે; તો તે વખતે તેઓ તે જ કામ કરતાં હોય, સાડા સાતે કે આઠે ચાનો કે નાસ્તાનો વખત ઠરાવેલો હોય તો તેઓ તે વખતે ચા પીવામાં કે નાસ્તો કરવામાં જ રોકાયલાં હોય, નવે કે દશે બાળકોને અભ્યાસ કરવાનો વખત નક્કી કર્યો હોય તો તેઓ તે વખતે ઘેર કે સ્કૂલમાં અભ્યાસ જ કરતાં હોય. કેવો સારો બંદોબસ્ત! બાળકો પણ વગર શિખડાવ્યે અને વગર કહ્યે મા બાપનું જોઇને નિયમિતપણે કામકાજ કરતાં બાળપણથી જ ટેવાઇ જાયછે. આવા ઘરનું કામકાજ નિયમિત અને વેહેંચણીથી જ ચાલેછે. તેથી દરેક માણસ પોતપોતાનું કામ સારી રીતે બજાવે છે, સરસાઇ મેળવવા ઉશ્કેરાય છે, ઓછી મેહેનતે ઓછે ખર્ચે અને સરસ થાય તેમ કરવાને પ્રયત્ન કરે છે. વેહેંચણીથી કામનો બોજો વેહેંચાઈ જાય છે, કામનો ઘોટાળો થતો નથી, નિરર્થક વખત જતો નથી, એટલુંજ નહિ પણ સર્વેને પોતપોતાનું કામ બજાવતાં આનંદ ઉપજે છે. આ સિવાય બીજા ઘણા સાધારણ ફાયદાઓ છે, કે જે ફાયદાઓ એક બીજાને પુષ્ટિ કરે છે. ઉજળું ગૃહરાજ્ય સર્વને ઉજળાં બનાવે છે!

વાંચનારને કહેવાની જરૂર નથી કે બાળક હાથમાં રોટલીનો કકડો લઇને એક ભટકતી ભિખારણનાં ભુખશળવાં છોકરાંની પેઠે ચાવતું ચાવતું ઘરનાં આંગણાંમાં ઉભું હોય, અને તેની પાસે કુતરૂં કે કાગડો, તેના હાથમાંથી તે કકડો પડાવી લેવાને ટાંપતાં ઉભાં હોય એવો દેખાવ સ્વપ્ને પણ આવાં ઘરમાં જોવામાં આવશે નહિ! આવાં ઘરનાં બાળકોની બોલચાલ અને રીતભાત જેમ આનંદ ઉપજાવે છે, તેમ તેમનાં અંગ ઉપર

ઘરેણું હોય કે ન હોય તો પણ તે છોકરાં ગંદાં કે નાગાં ઉઘાડાં નહિજ હોય! તેમણે જાડાં કે પાતળાં પણ ચોખ્ખાં કપડાં પેહેરેલાં જ હશે. આ સઘળી કેટલા આનંદની વાર્ત્તા!

જે ઘરમાં આવી કુશળ ગૃહિણી કારભાર ચલાવતી હોય છે, તે ઘરમાં વસનારાં માણસો સ્વર્ગ કરતાં પણ અધિક સુખ ભોગવે છે. આવી ગૃહિણીના ભર્થારને લુગડાંલત્તાં, દાણોદુણી, વાસણકુસણ કે બીજાં રાચરચિલાંને માટે કશી પણ ફિકર ચિંતા હોય જ શાની! જો એમ છે તો પછી તે ઘરધણી પોતાના કામકાજમાં વધારે મન લગાડી શકે, એટલુંજ નહિ પણ પોતાના ધંધામાં થતી પેદાશનો ઘણો સારો વધારો કરી શકે, એમ પણ કહેવાની અગત્ય નથી. આવા શાન્તિના ગૃહ-રાજ્યમાં કંકાસનું નામ પણ હોતું નથી, તો પછી એમ પણ સિદ્ધ થાય છે કે, તેના કુટુંબમાં શરીરની પીડા પણ ઘણા જ ઓછા પ્રમાણમાં હોવી જોઇએ. વધારે વખાણ શું કરવાં! આવા ઘરમાં સઘળું સારૂં, સુંદર અને સુખમય હોય છે. સઘળાં માણસો આનંદમાં અને સુખશાન્તિમાં દિવસો ગુજારે છે. સઘળાંની વર્ત્તણુક પવિત્ર જ હોય છે. જેણે પૂરાં પુન્ય કર્યાં હોય, તેજ આવા કુટુંબમાં અવતરે! આવા ઘરની ગૃહિણીને કે ગૃહરાજયરાણીને ધન્ય છે! અને ધન્ય છે તેના સુખમય, આનંદમય અને શાન્તિમય ગૃહરાજ્યકારભારને! આવી ગૃહિણીઓને કે ગૃહલક્ષ્મીઓને ફરીથી એકવાર નમસ્કાર છે!

૮૧

આ ફુલહારમાંનાં વિવિધ રંગનાં અને જૂદી જૂદી સુગંધીનાં ફુલોમાંથી દોષ દૂર કરીને સાર જ માત્ર ગ્રહણ કરનાર ગુણવાન ગૃહિણીને પરમાત્મા પ્રભુ હેની આખી જીંદગી સુધી સુખ શાન્તિમાં જ રાખે એવો અંતઃકરણ પૂર્વક અમારો આશિર્વાદ છે.

સતી દમયંતીના રાસડા.

રાસડો ૧ લો.

* (વટ સાવિત્રી વ્રત આજ પૂરણ કરીએ રે—એ રાહ)

જુગટુ રમતાં નળરાય આજે હાર્યો છે,
પુષ્કર જેને કલિપક્ષ તે બહુ ફાવ્યો છે;
વરતાવી પુરમાં આણ પડો વજડાવ્યો છે,
વન જાવા નળને સદ્ય હૂકમ કાઢયો છે.
સરવે તજીને નળ નીકળ્યો વને, અંગે ધર્યું છે વસ્ત્ર એકજો;
નૈષધનાથ આજ જાય છે વને.—
દમયંતી કાજ કલિકોપીઓ અતી, કોઈએ ન આપ્યું અન્ન પાણીજો;

નૈષધનાથ આજ જાય છે વને.—
નળ દમયંતીને વાત દુખદ જણાવે છે,
પળવાને પીયર પંથ કંથ કહાવે છે;
સતી આવી નળની પાસ રડતી વિનવે છે,
પતિ ચરણ નમાવી શીશ અરજી ઉચરે છે.
સંગે સર્વે સમય રાખજો પતિ, કહું મીઠી મુખે દુખે વાતજો;
નૈષધનાથ તજી ના જશો વને.—
સ્વામીથી વિખુટી કદી નાહી નારહે, જળથી જુદું ન રહે મીનજો;
નૈષધનાથ તજી ના જશો વને.—

* રાહની વધારે માહિતીને માટે જુઓ મોરબી કંપનીનો ચંદ્રહાસ ખેલ.

અહીં એકલડી અર્ધાંગ પતિ હું કેમ રહું,
દુનિયાદારીનાં દુઃખ દીન શી રીત સહું;
સુખ દુખમાં દિલની વાત કયાં જઈ કંથ કહું,
જીવતી છું હું પતિવિયોગ વ્હોરી કેમ લહું.—
છાયા હું નાથ તમ શરીરની બની, તરૂણી તરછોડો નહિ નાથ જો;
નૈષધનાથ તજી ના જશો વને.—
સ્વામી સંગાથે રહું સર્વદા સુખી, દુઃખી વિજોગે વિરહી થાય જો;
નૈષધનાથ તજી ના જશો વને.—
શુણી અબળાના એ બોલ ઉત્તર આપે છે,
દીલમાં દુખઅગ્નિજ્વાળ અતિશે વ્યાપે છે;
નળ કહે જુઓ આ બાળ આંસુ આણે છે,
સંગાથે આવો કેમ બાળક તાણે છે.—
મોસાળ બાળકો વળાવવાં પડે, સતી કહે મોકલીશ બાળ જો;
નૈષધનાથ તજી ના જશો વને.—
મોસાળ મોકલું છું બાળને પતિ, ગુરૂજી સુદેવ જશો સાથજો;
નૈષધનાથ તજી ના જશો વને.—

રાસડો ૨ જો

(* સરવે સખીયુંને શાખ દઉંરે સતીનો સાચો શું શૃંગાર—એ રાહ.)

દમયંતી બાળકને કહેરે, મામી પાસ પધારો.—૧.
સદગુણી શાણાં બાળકરે, મામી પાસ પધારો.
આવી આફત આ આપણે શીર,
મોસાળમાં દિલે ધરજો ધીર.
તમને વળવતાં ચિત ફાટે મોરૂં,
ગમતો ભર્યા મીઠા બોલ સંભારૂં;

* રાગની વધારે સમજણને માટે જુઓ મોરબી નાટક કંપની-
નીરમાલા એલ.

કહેશો નહિ કદિ સારૂં નઠારૂં,
કરશે પાલન સદા મામી તમારૂં.

સહજો સદા મામી ગાળ તમે, મારાં નાનાં બાળકડાં,
કરશો નહિ કદી આળ તમે, રઢીયાળાં રમકડાં.—દમયંતી.

ઝાઝાં ન કરશો લાડકાં લાડ,
ઓશિયાળાં રહી માનજો પાડ.

રમતાં રમત રળીઆત રહેજો,
કષ્ટ પડે તો તે સરવ સહેજો;
નમાયાં થઇને મોસાળ વરતજો,
કહે મામી કામ જીજી કહી કરજો.—

જીભડી કપાઈ આ કેમ નહિ રે, જાઓ બાળક કહેતાં;
સમજ વિનાનાં છોકરાં રે, ખાંતે ચુંબન દેતાં.—દમયંતી.

કરે વિચાર દમયંતી નાર,
કંઠે છે સોસ, આંખે આંસુધાર.
સુદેવ ગુરૂ મારાં બાળ સંભાળો,
કહેજો મારી માને "બાળક પાળો;"
"પુત્રી જમાઇની શોધ કઢાવો,"
"વનમાં ગયાં એવો કવખત આવ્યો."

"નમાયાં બાળક એને પાળજોરે, પ્યારાં પ્રાણથી ગણજો,"
"મળવાં હવે થશે દોહિલાંરે, જઇને એટલું ભણજો."—દમયંતી.

રૂએ ઉભો નળ નૈષધનાથ,
રાણી રૂએ બે બાળક સાથ.
ફરી ફરી દમયંતી શિશુ સામુ જૂએ,
નયનેથી આંસુ ચોધારા ચૂએ;

બાળ વળાવતાં હિંમત ખૂએ,
ફાટે હૃદય એમ દમયંતી રૂએ.
પ્રભુજી આ નાનાં બાળકરે, માડી માડી ઉચ્ચરશે,
કોણ હેતે હૈયે ચાંપશેરે, કોણ ચુંબીઓ ભરશે.—દમયંતી
દિલથી નથી મને છુટતાંરે, મારાં પ્રાણથી પ્યારાં,
મુખનાં મીઠાં મને સાંભળેરે, રૂડાં વચન રસાળાં.—દમયંતી.
શીખ દઉં છેલ્લી તે સાંભળોરે, દુઃખ દિલમાં ન લાવો,
રડતાં છાનાં રહો બાળકાંરે, ગુરૂજી સાથે સિધાવો.—દમયંતી.

રાસડો ૩ જો

(* પૂનમ ચાંદની ખીલી પુરી અહીંરે—એ રાહ.)

દીઠા દીવસો દુઃખે પૂરા ભર્યારે,
વેઠયાં વિતકો વનમાં વિકાળ,—
રાણી શાણી દમયંતી ભમયંતી એકલીરે.—
તનની કોમળતા તજી, તજ્યાં સુકોમળ બાળ;
પતિની સોબતમાં રહી, વેઠયાં કષ્ટ વિશાળ.
વનમાં ભૂખી તરશી રહી પતિના સાથમાંરે,
તો પણ કલિના કોપે ભૂલ્યો નળરાય,—
રાણી શાણી દમયંતી ભમયંતી એકલીરે.—
નળને મન એવું વસ્યું, રાણીથી સૌ દુઃખ,
તેને તજી ચાલ્યો જવું, તો છે સઘળું સુખ.
કાળી રાત ભયાનક ભાસે છે બીહામણીરે,
ચોગમ તમરાં બોલે તંન તંન એક અવાજ,—

* રાગની વધારે સમજણ માટે જુઓ મોરબી કંપનીનો ત્રીવિક્રમ ખેલ.

રાણી શાણી દમયંતી ભમયંતી એકલીરે.—
બોલે વન પશુઓ ઘણાં નજીક આવે જાય,
સૂતાં છે જ્યાં દંપતી, દમયંતી નળરાય.
ચાકી સૂતેલી ભોળી અબળા ઉંઘી ગઇરે,
આવી નથી હજુ નળરાજા નયને નિંદ,—
રાણી શાણી દમયંતી ભમયંતી એકલીરે.—
નાશી જાવા મન કરે, દમયંતીનો નાથ,
પોઢી છે વિશ્વાસથી પ્રાણપતિની સાથ.
રાજા મન માંહે વિચાર કરે છે નાસવારે,
આવે દયા ઘણી વળી જાવાનું મન થાય,—
રાણી શાણી દમયંતી ભમયંતી એકલીરે.—
ઓઢયું એકજ ચીર છે નરનારીને અંગ,
જાવું શી રીતે હવે, થયો અતિ મન ભંગ.
પાપી કલિએ ફેંકી એક છરી તેની ભણીરે,
ફાડયું રાજાએ લઇ દમયંતીનું ચીર,
રાણી શાણી દમયંતી ભમયંતી એકલીરે.—
મૂકી વનમાં એકલી ભર નિદ્રામાં નાર,
નાશી જાવાનો કરે, નળ મનમાંહિ વિચાર.
ભોળી અબળાને સૂતી મૂકી નાશી જતાંરે,
ભયથી ફાટી પડશે કોમળ નારી શરીર,—
રાણી શાણી દમયંતી ભમયંતી એકલીરે.—
જાવાનું મન થાય છે, વળી આળશી જાય,
જાવું કે જાવું નહિ, વિચાર મનમાં થાય.
દીધી દોટ અતિશે નળરાજાએ જોરથીરે,
થાકયો ત્યાં સુધી વન બહાર નાઠો જાય,—
રાણી શાણી દમયંતી ભમયંતી એકલીરે.—
ઘાડા જંગલને વટી ગયો દૂર નળ રાય,

વનમાં રાણી એકલી રોઈ રોઇ અકળાય.
સ્વપ્નું આવ્યું રાણીને મૂકી નળ જાય છે રે,
ઝબકી ઉઠી ભયથી હાથ પકડવા જાય,—
રાણી શાણી દમયંતી ભમયંતી એકલીરે.—
જાગી જોયું રાણીએ, દીઠા નહિ નળરાય,
ઘેલી વનમાં શોધતાં, જપે જીભે નળરાય.
રાણી ધન્ય તને તારી જનનીને ધન્ય છે રે,
દેવી સદૈવ તારા ગુણ ગાશે સહુ દેવ,—
રાણી શાણી દમયંતી ભમયંતી એકલીરે.—

રાસડો ૪ થો.

(* સખીઁ વિરહી જનની પીડ વિરહી જાણે છે—એ રાહ.)
સહુ સતીઓ પામી કષ્ટ અંતે ફાવે છે,
પ્રભુ વ્હાર લઇને ભક્ત મદદે આવે છે;
કરી કસોટીઓ ભગવાન તેને તારે છે,
નરનારી શુદ્ધ સ્વરૂપ પ્રભુ મન ભાવે છે.—
રાણી દમયંતી સતી, પતિ વિયોગીનાર;
ભમતી ભીખારણ બની, આવ્યો નહિ દુઃખ પાર—
રોતી રવડે છે,
ભાનુમતી માશી ગામ આવી અથડે છે;
સહુ બાળક સમજી રંક તેને તગડે છે,
કરી મસ્તી ને તોફાન હોંશે કનડે છે.—
ફેંકે છે સૌ કાંકરા, ઉડાડે છે ધૂળ;

* રાગની વધારે માહિતી માટે જુઓ મોરબી નાટક કંપનીનો જગદેવનો ખેલ.

દમયંતીના ચિત્તમાં, વિયોગ મોટું શૂળ—
અતિશે ખટકે છે,

બની ગરીબ ચાલી જાય, વળી વળી અટકેછે;
કોઇ તાણે અધું ચીર, ફાટયું લટકે છે,
અબળા એકલડી જાત, અહિં તહિં ભટકે છે.—
દમયંતી દુખણી થઇ, ફરતી ચૌટાં ચોક;
પછવાડે ફરતા ફરે, બહુ લોકના થોક—
તાળી પાડે છે,

કરી કિકિયારી બહુ લોક, ધૂળ ઉરાડે છે;
કરી મશ્કરી કોઇ બાલ, ગાલ વગાડે છે,
સતીને સહુ ઘરથી દૂર હાંકી કહાડે છે.—
ભાનુમતી જરૂખે ચડી, જુએ સતીનું દુઃખ;
ઉપજી ઉર દયા અતિ, દમયંતીનું મૂખ—
મોહ પમાડે છે,

મનમાં માશીને પૂર્ણ પ્રેમ જગાડે છે;
સતીને બોલાવી ઘેર, મેહેલ ચડાવે છે,
સઘળી પૂછીને વાત, ધીરજ આપે છે.—

માશી ઓળખતી નથી, સતી એ જાણી વાત;
દમયંતી સમજી ગઇ, આ બ્હેન છે મુજ માત—
માશી મારી છે,

રહેવાશે છાનું કેમ વાત વિચારી છે;
મન ત્યાંથી જાવા થાય પણ દુઃખ ભારી છે,
મનવાની જે અહીં વાત તે બહુ ન્યારી છે.—
ભાનુમતી તેને કહે, સતી શિરોમણી નાર;

દેવી રૂદ્રાણી દીસો, વૈશ્નવીના અવતાર—
મનમાં ભાસે છે,
દુખ દેખી તમપર આમ, મુજ મન ત્રાસે છે;
તન કાન્તિ દેખી ઊર અતિ ઉલ્લાસે છે,
મુખ ચંદ્ર નિરખતાં પ્રેમ પ્રગટ પ્રકાશે છે.—

સુખથી મંદિર માહરે, વસો સતી દીન નીશ;
જમો રમો ઘરમાં રહો, સ્હાય થશે જગદીશ—
વિપદ ટળશે રે,
સતી પુન્ય હશે તુજ નાથ આવી મળશે રે,
મમ ઇંદુમતી તુજ સાથ હેતે હળશે રે;
તુજ ધર્મનીતિ ફળ કોઇ દીવસ ફળશે રે.—

મીઠાં વચનો સાંભળી, રહી માશીને ઘેર;
નીચું કામ કરે નહિ, સતી સાધવી પેર—
વ્રત સૌ આચરતી,
રહી માશી ઘરમાં તે ધરાવી નામ સતી;
દઇ એક વિપ્રને અન્ન ભોજન મુખ ધરતી,
દમયંતી નળનું નામ જીભ થકી જપતી.—

એવું એક સમે બન્યું, મળ્યો કારમો જોગ,
કલિનાં કાળાં કામથી, દમયંતીના ભોગ—
આવી મળવાને,
ઇંદુમતી પુત્રી જાય, નાવણ કરવાને;
કંઠેથી કાઢી હાર, આપ્યો ગ્રહવાને,
કહ્યું ફુલેલ લાવો તેલ, માથે ધરવાને.—

લઇને મૂકયો ટોડલે, ઇંદુમતીનો હાર;
ફુલેલ લેવાને ગઇ, કલિએ કર્યો વિચાર—
આતક સારી છે,

લઈ સંતાડું હું હાર, ભોળી નારી છે,
નહિ જણાય વાત લગાર ચોરી ભારી છે,
દમયંતી દેવા દુઃખ વાત વિચારી છે.—
ટોડે હાર સમાવીઓ, જુગતે કરી સંભાળ;
દુખણી દમયંતી શીરે, ચઢાવવાને આળ—
કલિએ ઘાટ ઘડયોં,
દમયંતી શોધે હાર, પણ નજરે ન ચડયો;
વિસ્મય થઇ શોધે નાર, નીચે હોય પડયો,
બની બહાવરી બેશુદ્ધ પણ ના હાર જડયો.—
ફરકે જમણી આંખડી, ધડકે અબળા ચિત્ત;
આવ્યું કોઇ નથી અહીં, હાય! થયું વિપરીત—
કોને વાત કહું,
પ્રભુ આવ્યું માથે આળ, તે હું કેમ સહું;
અહીં આવી આફત આમ, કયાં જઇ રંક રહું,
અહીં માને મારૂં કોણ, સોગન સખ્ત લહું.—
ઘરનાં સૌ ટોળે મળ્યાં, અવર મળ્યાં બહુ લોક;
સઘળાં બોલે સામટાં, હું બોલું તે ફોક—
મુખ સૌ મરડે છે,
દઇ ગાળો ગમે તે લોક, દાંત કચરડે છે;
કોઇ ધકકા મારી બાળ, ચોંટી ઉતરડે છે,
બહુ ઉછાંછળીઓ નાર, ભૂંડું ભરડે છે.—!
આવી હું કયાંથી અહીં, ડસ્યો ન કાળો નાગ;
આવ્યુ નહિં મુજ મોતરે, ધિક છે સુખ સોહાગ—
મારે મરવું રે,
પ્રતિ વિજોગણી થઇ નાર, ધિક્ક ઉગરવું રે;
રહી એકલડી અર્ધાંગ શું પછી કરવું રે,
મરવામાં નથી ભય દુઃખ શાથી ડરવું રે.—

માથે મોટું આળ છે, રહી જાય છે ગાળ;
કરવું કંઇ સૂઝે નહિ, પ્રભુ ઉતારજો આ આળ—
અરજ ઉચ્ચારૂં છું,
લઇ હાર જનારો કોણ વાત વિચારૂં છું;
પ્રભુ ક્યાં મુજ રોતાં બાળ હિંમત હારૂં છું,
ક્યાં નૈષધપતિ નળરાય, સર્વ વિસારૂં છું,—
કષ્ટે મદદ કરો પ્રભુ, થશો ન ઇશ કઠોર;
ચરણે પડું શરણે લહો, જાશે ક્યાં એ ચોર—
ચોરી કરનારો,
પ્રભુ તારી નજરની બ્હાર નથી જઇ વસનારો;
એ હાર તણો પ્રભુ ચોર તુંથી ડરનારો,
તુજ ભક્તોની અતિ ભીડ તું દુર કરનારો.—
અબળા અરજી ઉચ્ચરે, આંખે આંસુધાર;
તેનું કોઇ ન સાંભળે, પણ માર્યો બહુ માર—
બહુજ સતાવી છે,
બહુબોલી નારી એક પાટુ લગાવી છે;
"જો સતવાદીની છોકરી અહીં આવી છે,"
"અહીં ખાતી, પીતી, ચોરતી બહુ ફાવી છે."—
દમયંતી ઉભી રૂએ, મૂકે મુખ નિશ્વાસ;
હૈયામાં હોળી બળે, પણ પ્રભુનો વિશ્વાસ—
હૃદયે રાખ્યો છે,
દમયંતીએ મુખ બોલ એકજ ભાખ્યો છે;
સતી શિરોમણીએ શાપ નિશ્ચય નાંખ્યો છે,
સતી કોપી તેનો સ્વાદ કલિએ ચાખ્યો છે.—
"મારો દુષ્મન જે થયો, ચોર્યો જેણે હાર;
ફાટી પડજો આ ઘડી" નલાગી કંઈ એ વાર—
ખળભળી પડીઓ છે,

એ ટોડામાંથી હાર બ્હાર નિકળીઓ છે;
કલિજુગમાં એવી નાર જે કોઇ સતીઓ છે,
બહુ ભાગ્યવત વરનાર તેના પતિઓ છે.—

રાસડો ૫ મો.

(આવોને દીન દયાળ રમવા આવોને રે—એ રાગ.)

રમણી રમીએ જમીએ કુદડી ફરી ફરી ફરીએ.
દમયંતીનાં ગીત ગાઇએ કુદડી ફરી ફરી ફરીએ.
નર નારી સૂજન પૂજન કરીએ,
આનંદથી અતી ઊંચાં ઉછળીએ;
તાળીઓ દઇએ લઇએ—કુદડી ફરી ફરી ફરીએ.
દમયંતી દેવીને ચાલો નિરખીએ,
આનંદથી અભિનંદન દઇએ;
મુખથી ધન્ય ઉચરીએ—કુદકી ફરી ફરી ફરીએ.
વન વેઠચાં સુખ દુખ સર્વે સાંભળીએ,
પતિવ્રતા પતિનો ધર્મ સમજીએ;
આજ ઉજાણી ઉજવીએ— કુદડી ફરી ફરી ફરીએ.
પતિવ્રત દમયંતી સરખું આચરીએ,
એવાં આચરણો આજ આદરીએ;
સેંકડો સંકટ સહીએ—કુદડી ફરી ફરી ફરીએ.
એ સતીના સર્વે સદ્ગુણ સજીએ,
ભક્તિ ભાવે ભગવાનને ભજીએ;
તુારણી તોફાનો તજીએ—કુદડી ફરી ફરી ફરીએ;

દમયંતી દેવીના સદ્ગુણ ગણીએ,
ભવ આખો ભાવિક ભક્તિથી ભણીએ;
તેના ઉપરથી મરીએ--કુદડી ફરી ફરી ફરીએ.
દમયંતીનાં દુઃખ દીલમાં ધરીએ,
સારી શીખામણ સંગ્રહ કરીએ;
તો ભવસાગર તરીએ—કુદડી ફરી ફરી ફરીએ.